

# વાત્સલ્યનો ઘૂઘવતો સાગર

॥ ॐ ॥



# વાત્સલ્યનો ઘૂઘવતો સાગર

(પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય
ઊઁકાર સૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)

આચાર્ય યશોવિજયસૂરિ



નકલ : ૩૦૦૦

પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૬ / ઈ.સ.૨૦૧૦

પ્રાપ્તિસ્થાન :

૧) **સેવંતીલાલ એ. મહેતા**

૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઇન્સ, સુરત.

ફોન : ૨૨૬૬ ૭૫૧૧/૯૮૨૪૧ ૫૨૭૨૭

E-mail : omkarsuri@rediffmail.com

mehta_sevantilal@yahoo.co.in

૨) **ધીરુભાઈ વડેચા**

૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯,

એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ફોન : ૯૩૨૩૧ ૭૬૩૧૫/૨૩૬૧ ૦૭૯૧

૩) **આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન**

વાવ પંથક વાડી, દશા પોરવાડ સોસાયટી, પાલડી,

અમદાવાદ-૭. (સુરેશભાઈ કે. મહેતા)

ફોન : ૯૪૨૯૩ ૫૫૯૫૩/૨૬૫૮ ૦૦૫૩



## પૂજ્યપાદ ગુરુદેવશ્રીની

# જીવન યાત્રા :

## મહત્ત્વના પડાવો

**જન્મ દિન :** વિ.સં.૧૯૭૯ આસો સુદ ૧૩, ઝીંઝુવાડા

**દીક્ષા દિન :** વિ.સં.૧૯૯૦ મહા સુદ ૧૦, ઝીંઝુવાડા

**વડી દીક્ષા દિન :** વિ.સં.૧૯૯૦ અષાઢ સુદ ૧૧, જુનાડીસા

**ગણિપદ સ્વીકાર દિન :** વિ.સં.૨૦૦૬ માગસર સુદ ૫, રાધનપુર

**પંન્યાસ પદ સ્વીકાર દિન :** વિ.સં.૨૦૦૬ માગસર સુદ ૬, રાધનપુર

**આચાર્ય પદ સ્વીકાર દિન :** વિ.સં.૨૦૧૦ મહા સુદ ૧, મહેસાણા

**કાળધર્મ દિન :** વિ.સં.૨૦૪૪ વૈશાખ સુદ ૫, અમદાવાદ

**દીક્ષા દાતા :** પૂજ્યપાદ, દાદા ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા

**ગુરુદેવ :** પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવર શ્રી વિલાસ વિજયજી મહારાજા

**માતા :** કંકુબહેન

**પિતા :** ઈશ્વરલાલભાઈ (પૂ. વિલાસવિજય મહારાજ)

**સંસારી નામ :** ચીનુભાઈ



प्रकाशनना
लाभार्थी

શ્રી જે. બી. પરીખ
પરિવાર (વાવ)
તથા
શ્રી મોંઘીબહેન
ચંદુલાલ કકલચંદ
પરીખ પરિવાર (વાવ)
(સી. મહેન્દ્ર
એક્સપોર્ટ)

# તસ્મૈ સદ્‌ગુરવે નમઃ



# ગુરુકૃપા હિ કેવલમ્

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના જીવન રૂપી વટવૃક્ષનો મસમોટો ઘેરાવો તો આપણે જોયો છે : પ્રકાંડ પ્રતિભા, પારદર્શી વિદ્વત્તા, કુશાગ્ર મેધા... આજે જોઈએ એ વટવૃક્ષના મૂળને. એ મૂળ એટલે પ્રભુસમર્પિતતા, ગુરુસમર્પિતતા.

વિ. ૨૦૧૩ની એક ઘટના મને યાદ આવે છે. ફાગણ મહિનો. ઝીંઝુવાડામાં પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી આદિ પરિવાર જોડે બિરાજમાન.

ઝીંઝુવાડાના ભાવક સંઘની પ્રબળ ભાવના કે મહાગુરુવર દાદા ભદ્રસૂરિ મહારાજા પોતાના ગામમાં ચાતુર્માસ કરે. બીજા પણ અન્યાન્ય સંઘો ચાતુર્માસની વિનંતિ માટે આવી ગયા. પરંતુ મહાગુરુદેવ કોઈની પણ વિનંતિ સ્વીકારતા નથી. 'જોઈશુ', એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવ ૐકારસૂરિ મહારાજનું ગુરુસમર્પણ એટલું તો ઘેરું હતું કે એમને વિચાર સુધ્ધાં નથી આવતો કે ફાગણ મહિનો વીતવા આવ્યો; ગુરુદેવશ્રી કંઈ કહેતા નથી... ના, શિષ્ય તો હોય કોરી સ્લેટ. ગુરુદેવની આજ્ઞા જ્યારે, જે રૂપે વરસે એ રૂપે ઝીલવી તે જ તો શિષ્યનું અવતારકૃત્ય ને !

ચૈત્ર મહિનો શરૂ થયો એ અરસામાં શ્રી જૂનાડીસા જૈન સંઘના આગેવાનો ચાતુર્માસની વિનંતિ કરવા આવ્યા. દાદા ગુરુદેવને વિનંતિ કરી : સાહેબજી, અમારે ત્યાં ચાતુર્માસ માટે પધારો!

સાહેબજીએ કહ્યું : ૐકાર વિજયને બોલાવો. (દાદા ગુરુદેવ ક્યારેય ૐકારસૂરિ કહીને ગુરુદેવને નહિ સંબોધતા. ૐકારવિજય જ કહેતા... અને એટલે જ મહાગુરુની ચિરવિદાય પછી ગુરુદેવે કહેલું : હવે મને ૐકારવિજય કહીને કોણ બોલાવશે ?)

ગુરુદેવ આવતાં જ દાદા ગુરુદેવે કહ્યું : ૐકારવિજય ! જૂનાડીસા શ્રી સંઘ ચાતુર્માસની વિનંતિ માટે આવેલ છે. તેમને હા પાડી દો !

જૂનાડીસા શ્રી સંઘે ચાતુર્માસની જય બોલાવી.

આ ઘટનામાં દેખાય છે ગુરુદેવની ગુરુઆજ્ઞાસમર્પિતતા. આ હતું મૂળ, જેનો ફેલાવ આપણે વર્ષો સુધી તેઓશ્રીમાં જોયો.

પૂજ્ય ગુરુદેવે જ એક વાર કહેલું કે ગુરુકૃપા જ મારી વિદ્યા-દાત્રી છે, સાધના-દાત્રી છે, શક્તિ-દાત્રી છે.

સદ્‌ગુરુની ભીની ભીની આંખોમાં તરલિત થયેલા પરમાત્માને નીહાળવા
તે ખરેખર જીવનનો લહાવો છે.



## ઈતિહાસને ઝરુખેથી

ગુરુ પાસે સાધક બ્રહ્મવિદ્યા શીખવા માટે આવ્યો.ગુરુએ એની પરીક્ષા શરૂ કરી : તું નગરને વીંધીને અહીં આશ્રમમાં આવ્યો. નગરમાં તેં શું જોયું ? શિષ્યે વિનમ્રતાથી કહ્યું : ગુરુદેવ ! માટીનાં પૂતળાં માટી માટે દોડતા હતા એ જોયું. જવાબ ગુરુને ગમ્યો. પણ હવે ગુરુ થોડા આગળ વધે છે. એ જાણવા માટે કે બીજાને માટીનાં પૂતળાં માનનાર આ માણસ પોતાને શું માને છે ? પૂછ્યું ગુરુએ : આ ખંડમાં અત્યારે શું થઈ રહ્યું છે ? શિષ્યે કહ્યું : એક માટીનું પૂતળું ગુરુદેવ પાસે અમૃત તત્ત્વ લેવા માટે બેઠું છે. ગુરુ ખુશ થયા. એને બ્રહ્મવિદ્યાના પાઠો શીખવવા લાગ્યા તેઓ.

જો કે, આવા પહોંચેલા ગુરુને સાધકનું મુખ જોતાં જ - Face-reading થી ખ્યાલ આવી જાય છે કે સાધક ક્યાં છે. છતાં તેઓ ક્યારેક આજુ-બાજુવાળા લોકોને સમજાવવા માટે ઉપર બતાવી તેવી યુક્તિઓનો સહારો લેતા હોય છે.

## 'એ કાર્ય ગુરુકૃપાનું, મારું નહિ'

પૂજ્યપાદ ગુરુદેવે - તે વખતના બાળમુનિ શ્રી ૐકારવિજયજીએ - વિ.સં. ૧૯૯૪ની સાલમાં ઝીંઝુવાડાના ચાતુર્માસમાં કલ્પસૂત્ર (સુબોધિકા ટીકા સાથે) વાંચેલ. તેઓશ્રીની વાચન-છટા અને સરળ ગુજરાતીમાં અર્થ કરવાની નિપુણતા શ્રોતાઓને મન્ત્રમુગ્ધ બનાવી ગઈ. તે વખતે તેમનું વય ચૌદ વરસનું.

ચાતુર્માસ ઉતર્યે વિહારમાં પાટણમાં વિદ્વદ્વર્ય પં. શ્રી કાન્તિવિજયજી મહારાજ મળ્યા. તેમને પણ કલ્પસૂત્ર-વાંચનનો ખ્યાલ હતો. કો'ક શ્રોતાએ વાત કરી હશે. પૂછ્યું પંન્યાસજીએ બાળમુનિને : તમે તો કલ્પસૂત્ર ખીમશાહી (કલ્પસૂત્રનો ગુજરાતી અનુવાદ) વાંચ્યું હશે ને !

તે વખતે ચૌદ વર્ષની વયના બાળમુનિએ કહ્યું : ના, જી. કલ્પસૂત્ર સુબોધિકા વાંચેલ.

આશ્ચર્યચકિત પંન્યાસજી મહારાજે પૂછ્યું : પણ એ તમને શી રીતે ફાવે ? બાળમુનિનો પ્રત્યુત્તર અત્યન્ત વિનમ્ર હતો : મારે ક્યાં વાંચવાનું હતું, તે ફાવવા-ન ફાવવાની વાત આવે ? દાદા ગુરુદેવે આજ્ઞા કરી. એમનાં શ્રીચરણોમાં વન્દના કરી. એમનો કરુણામય, વરદ હાથ મારા મસ્તક પર ફરી વળ્યો... અને વાંચવાનું ચાલુ થયું..

પ્રભુ મેઘ છે,
સાધકનું હૃદય ધરતી છે,
સદ્‌ગુરુ એ ધરતીમાંથી
અહંકારની માટી કાઢીને
ખાડો બનાવશે, જે તળાવમાં
ફેરવાઈ જશે...

લોકો કહે છે કે મેં વાંચ્યું કલ્પસૂત્ર, સુબોધિકા. હું કહું છું કે ગુરુકૃપાએ જ એ કામ કર્યું છે. આ તો હતો સદ્‌ગુરુદેવનો શક્તિપાત.

પંન્યાસજી મહારાજ આ વિનમ્ર ઉત્તર વડે બહુ જ પ્રભાવિત થયા.

પણ એમને હજુ જિજ્ઞાસા હતી કે બાળમુનિએ કેવી રીતે વાંચન કર્યું હશે તે જોવું તો ખરું જ. ગ્રન્થ ભંડારમાંથી કલ્પસૂત્ર, સુબોધિકા ટીકાની પ્રત મંગાવવામાં આવી. સ્વપ્નવર્ણનનાં સમાસ-પ્રચુર પાનાં બાળમુનિના હાથમાં મૂકી પંન્યાસજીએ કહ્યું : વાંચો તો !

મનોમન ગુરુદેવને યાદ કરી બાળમુનિ તો ધડધડાટ મૂળ વાંચવા લાગ્યા અને પછી એ જ રીતે સુબોધિકાનો પાઠ વાંચી સડસડાટ એનો અર્થ કરવા લાગ્યા.

પંન્યાસજી મહારાજ ખુશ-ખુશ થઈ ગયા. કહ્યું : ગુરુદેવના શક્તિપાતને તમે બરોબર ઝીલ્યો છે ! ખૂબ આગળ વધો !



## અતીતનું અનુસન્ધાન

ઉપાશ્રયમાં સાધક આવ્યો અને ગુરુવરને એણે વિનંતિ કરી : મને સાધના દીક્ષા આપો.

ગુરુવરે કહ્યું : ઉપાશ્રયનો કચરો તું કાઢવા લાગ ! ગુરુદેવની આજ્ઞા એ જ તો શિષ્યનો જીવનમન્ત્ર ને ! એણે સાવરણી લઈ ઉપાશ્રય વાળવાનું શરૂ કર્યું. રોજ એક વાર સવારે ગુરુને વન્દન કરી જાય અને એક વાર પ્રવચન સાંભળે. બાકી આખો દિવસ તે કચરો કાઢ્યા કરે.

ગુરુદેવ વિહાર નહોતા કરી શકતા. એટલે એક જગ્યાએ જ તેમને રહેવું પડેલું. પણ ઉપાશ્રયના ખંડોને બદલીને પણ નવકલ્પી વિહારની પ્રભુઆજ્ઞાને તેઓ પાળતા.

આમ કરતાં બાર વરસ થયા. આ સાધક પછી આવેલ ઘણા સાધકો ઘણું શીખી ગયા. આની પાસે તો માત્ર સાવરણી.

તે દિવસે તેની આ સાધનાને બાર વરસ પૂરાં થઈને તેરમું વરસ બેસતું હતું. ગુરુદેવે વહાલથી પૂછ્યું : શું કરે છે તું ? તેણે ખૂબ ઉત્સાહ, અહોભાવપૂર્વક કહ્યું : ગુરુદેવ ! આપે કહેલુંને કચરો કાઢ... બસ, કચરો કાઢ્યા કરું છું. આજ્ઞાપાલનનો દિવ્ય આનંદ માણું છું.

ગુરુએ કહ્યું : જા, તારો જનમ-જનમનો કચરો નીકળી ગયો ! બાર વરસે નહિ પણ બાર જન્મે પણ ન નીકળે એવો વિષયકષાયનો કચરો ગુરુકૃપા વડે છૂ થઈ ગયો !



પૂ.આ.ભ. સિદ્ધિસૂરિ મ.સા.



પૂ. મુનિરાજ વિનયવિજયજી મ.સા.

# 'ગુરુ-પરંપરા'



પૂ.આ.ભ. ભદ્રસૂરિ મ.સા.



પૂ. મુનિરાજ વિલાસવિજયજી મ.સા.

પૂ.આ.ભ. ૐકારસૂરિ મ.સા.



# ભીતરની આંખ : શ્રદ્ધા

ગુરુદેવની દીક્ષા પછીનાં થોડાં વર્ષો બાદની આ ઘટના. નવાડીસામાં પૂજ્ય દાદા ગુરુદેવનું ચાતુર્માસ. ચોમાસાનો પ્રવેશ થઈ ગયો. દાદા ગુરુદેવે પ્રવચન આપ્યું.

હવે વાત આવી ચાતુર્માસિક પ્રવચનોની. એ સમયે પોથીને સામે રાખી પ્રવચનો અપાતા. દાદા ગુરુદેવશ્રીની બેઉ આંખોની રોશની સુકાઈ ગયેલી. હવે પોથી જોઈને કેમ વંચાય?

જે દિવસે સવારે પ્રવચનમાં ગ્રન્થવાંચન થવાનું હતું, તે જ દિવસે સવારે આઠ વાગ્યે દાદા ગુરુદેવે પૂજ્ય ગુરુદેવશ્રીને બોલાવ્યા : ૐકારવિજય ! અહીં આવ. વિનીત શિષ્ય તરત જ ગુરુદેવ પાસે આવે છે. વન્દના કરે છે. હાથ જોડીને કહે છે : ગુરુદેવ ! ફરમાવો !

દાદા ગુરુદેવે કહ્યું : આજથી તારે પ્રવચન આપવાનું છે. હું તારી જોડે બેસીશ. પ્રજ્ઞાવાન ગુરુદેવે તરત જ મહાગુરુજીની આજ્ઞા સ્વીકારી. પૂછ્યું : ગુરુદેવ ! શું વાંચવાનું છે ? કઈ રીતે વાંચવાનું છે ?

મહાગુરુએ કહ્યું : તું મારી પાસે વર્ધમાન દેશના ગ્રન્થ વાંચે છે ને ! પહેલાં તું સંસ્કૃત બોલે અને પછી એનું ગુજરાતી કરે છે. એ જ રીતે તારે પાટ પર બેસી વાંચવાનું છે. ક્યાંક મોઢે સમજાવવા જેવું હશે ત્યાં હું સમજાવતો જઈશ. તે દિવસથી શરૂ થયેલી પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પ્રવચનધારા જીવનના અન્તિમ સમય સુધી ચાલુ રહી...

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આ ઘટના દ્વારા ઈંગિત કર્યું કે ગુરુવર્યશ્રી જ્યારે આજ્ઞા આપે ત્યારે આપણે એ સ્વીકારી જ લેવાની. કારણ કે એ કાર્ય સદ્‌ગુરુ પોતે જ કરાવવાના હોય છે. સદ્‌ગુરુદેવની શક્તિથી જ એ થનાર હોય છે. આપણને તો તેઓશ્રી માત્ર નિમિત્ત રૂપ બનાવે છે.

ગુરુદેવની આ મહાકરુણા છે કે તેઓ શિષ્ય પાસે કાર્ય કરાવે છે. પરંતુ કૃતિત્વનો બોજ શિષ્ય પર તેઓ લાદતા નથી.

શિષ્ય હોય નિર્ભાર.
ગુરુ તો નિર્ભાર હોય જ.

પૂજ્ય આનન્દઘનજી મહારાજ કહે છે : 'ગુરુ નિરન્તર ખેલા...' સતત ખેલની ભૂમિકામાં હોય છે સદ્‌ગુરુ. કર્તૃત્વનો બોજ છે જ નહિ ને ! તવ્વયણસેવણા (ગુરુવચનસેવા) છે સાધકનો જીવન-મન્ત્ર, એને પૂરી પૂરી શ્રદ્ધા છે આ મન્ત્ર પર.. શ્રદ્ધા છે ભીતરી આંખ. ભક્ત ઘણીવાર કહે છે :

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया।
नेत्र-मुन्मीलितं येन, तस्मै श्री गुरवे नमः।।

જ્ઞાન રૂપી અંજનને સળી પર લઈને સદ્‌ગુરુ ભક્તની જે આંખને ખોલે છે તે આ જ આંખ છે : શ્રદ્ધા રૂપી આંખ.. એનાથી જ ભક્ત પ્રભુને અને સદ્‌ગુરુને જુએ છે.



## ઈતિહાસની સફરે

બપોરનો સમય. ત્રણેક વાગ્યા હશે. ગુરુદેવ પાસે આવેલ શિષ્યને ગુરુદેવે કહ્યું : કેવું અંધારું છે ! શિષ્યે કહ્યું : જી, ગુરુદેવ !

શિષ્ય પાસે બુદ્ધિ નહિ પણ સમર્પણ હતું. બુદ્ધિ હોત તો એ કહેત : અત્યારે અંધારું ? ક્યાં છે અંધારું ? બુદ્ધિ ઢળી જ પડવી જોઈએ શિષ્યની. આમ પણ, પશ્ચિમમાં IQ - બુદ્ધિઆંક છે. પૂર્વમાં તો AQ જ છે. એ ફોર અવેયરનેસ - જાગૃતિ.

ગુરુદેવે કહ્યું : અજ્ઞાનનું અંધારું કેવું તો ગાઢ છે ભીતર ! પ્રભુનાં વચનોના પ્રકાશને પામવા માટે જે આંખ જોઈએ, તે છે શ્રદ્ધા... સમર્પણ.

# વજ્રાદપિ કઠોરાણિ, મૃદૂનિ કુસુમાદપિ



મુનિ મહાયશ વિજયની દીક્ષા થઈ ત્યારે તેમનું વય ૧૦ વર્ષનું. મેધા તીવ્ર.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ કહ્યું : તારે રોજ સવારે નવી પાંચ ગાથાઓ કરીને મને સંભળાવવાની. પાંચ ગાથા કર્યા વિના તને પચ્ચક્ખાણ નહિ પારવા દઉં.

ગાથાની ગાડી ચાલી ધમધમાટ કરતી. રોજ ગાથા બરોબર થઈ જાય.

પણ –

એક દિવસ તેમણે વિચાર્યું : ગુરુદેવ તો કરુણાળુ છે. એટલે આજે નહિ કરું ગાથા, તોય ચાલશે..

અને તે દિવસે ગુરુદેવે બૂમ મારી : મહાયશ ! ગાથાઓ લઈ આવ, ચાલ ! મને સંભળાવી દે !

પણ કરી જ નહોતી, તો શી રીતે સંભળાવે ? ઢીલા થઈ ગયા મહાયશ વિજય : ગુરુદેવ ! ગાથા નથી થઈ. પછી કરી લઈશ.

ગુરુદેવ કહે : ના. એ નહિ ચાલે. પછી-બછીની વાત નહિ. હમણાં જ ગાથા કરી આપ. અને જ્યાં સુધી ગાથાઓ નહિ સંભળાવે ત્યાં સુધી તને પચ્ચક્ખાણ પારવા નહિ મળે.

ગુરુદેવનો અડગ નિર્ણય જોઈ મહાયશ વિજય ગાથા કરવા બેસી ગયા. અર્ધો-પોણો કલાકમાં ગાથાઓ કરીને સંભળાવી. ગુરુદેવે પ્રેમથી પચ્ચક્ખાણ પરાવ્યું એટલું જ નહિ, વપરાવવા માટે ગુરુદેવ પોતે બેઠા. ખૂબ આગ્રહ કરીને વાત્સલ્યપૂર્વક વપરાવ્યું.

મહાપુરુષોનું આ હૃદય ! વજ્રથી પણ કઠોર : નિર્ણયો લેવામાં, પળાવવામાં. ફૂલથી પણ વધુ કોમળ : વહાલથી આશ્રિતોને/સહુને ભીંજવવામાં.



## અતીતમાં ડોકિયું

'An autobiography of a yogi' પુસ્તકના પ્રસિદ્ધ લેખક શ્રી યોગેશ્વરના જીવનની એક ઘટના યાદ આવે છે. ગુરુ યુક્તેશ્વર ગિરિ પાસે એમની સાધના/અધ્યયન ચાલે. પણ યોગેશ્વરજીને લાગે કે આ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. પોતાને તો જોઈએ છે વેગ.

એક રાત્રે કોઈને કશું કહ્યા વિના આશ્રમને છોડી બીજા ગુરુ પાસે ગયા. ત્યાંય સંતોષ ન થયો. ત્રીજા ગુરુ પાસે.. લાગ્યું કે આના કરતાં તો પોતાના ગુરુ પાસે જ બરોબર હતું. એક રાત્રે ગુપચુપ ગુરુના આશ્રમમાં. બીજા દિવસથી ગુરુ પાસે સાધના ચાલવા લાગી. ગુરુ એને કંઈ જ કહેતા નથી. એ જ વહાલથી ભણાવે છે. સાધના ઘૂંટાવે છે. એક વાર યોગેશ્વરે ગુરુને કહ્યું : આપ મને લડતા કેમ નથી ? ગુરુ કહે છે : મારી કરુણાની નદીને કોઈ કિનારા નથી..

# દાદા ગુરુદેવશ્રીને સાતા પૂછતા ગુરુદેવશ્રી







# આત્માનુભૂતિ

પૂજ્યપાદ ગુરુદેવશ્રી પોતાને ભણાવનાર પંડિતવર્ય છોટાલાલજી તથા પંડિત વર્ષાનન્દજીની પારદર્શી વિદ્વત્તાની વાત કરતાં કહેતા : પંડિત છોટાલાલજી પાણિનિ વ્યાકરણને અનુલોમ અને પ્રતિલોમ કડકડાટ બોલી જતા. અનુલોમ એટલે પહેલા સૂત્રથી શરૂ કરીને છેલ્લા સૂત્ર સુધી બોલી જવું અને પ્રતિલોમ એટલે છેલ્લા સૂત્રથી શરૂ કરી પહેલાં સૂત્ર સુધી બોલી જવું.

આવા અધ્યાપકો પાસે સિદ્ધહેમ વ્યાકરણ ભણેલા પૂજ્ય ગુરુદેવશ્રીની સ્મરણશક્તિ પણ અપ્રતીમ હતી. મુનિ શ્રી મુનિચન્દ્ર વિજયજી (અત્યારે આચાર્ય શ્રી મુનિચન્દ્ર સૂરિજી) એ કરેલી તેમની (પૂજ્ય ગુરુદેવની) અગાધ સ્મરણશક્તિની વાત તેમના શબ્દોમાં : "વિ.સં. ૨૦૨૪ની સાલ. મારી દીક્ષાનું બીજું વર્ષ. પૂજ્યશ્રી મને સિદ્ધહેમ ભણાવતા હતા. તેઓશ્રીને સિદ્ધહેમ ભણ્યાને ત્રીસ વરસનો ગાળો થઈ ગયેલો. છતાં હું આશ્ચર્યચકિત બનીને જોઈ રહેતો કે બધાં સૂત્રો લગભગ એમને મોઢે.

શબ્દસિદ્ધિ કે રૂપસિદ્ધિ વખતે આગળ-પાછળનાં જે સૂત્રો લાગતાં હોય તે બધાં પૂજ્યશ્રી ફટાફટ બોલી જતા. હું તો આમથી તેમ અને તેમથી આમ પાનાં ફેરવ્યે રાખું. હું પૂછતો : આપને આટલા બધા લાંબા સમય પછી પણ આટલું બધું યાદ શી રીતે રહે છે ?

તેઓશ્રી કહેતા : વિદ્યા પાઠે જ શોભે, ભાઈ! આપણે ત્યાં કહેવત છે : 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે.' ગરથ-ધન પાસે હોય તો જ કામનું. એ જ રીતે વિદ્યા કંઠસ્થ હોવી જોઈએ."

૦૦૦

આ વાત માત્ર શબ્દવિદ્યા માટે જ નહોતી, આત્મવિદ્યા માટે પણ, પૂજ્ય ગુરુદેવશ્રી માટે, આ જ ઘટના ઘટિત થયેલી. અનુભૂતિ દ્વારા તેઓશ્રીએ આત્માનુભવ પ્રાપ્ત કરેલો.



## ઈતિહાસને ઝરુખેથી

કઠોપનિષદ્ કહે છે : नायमात्मा प्रवचनेन लभ्यः, न मेधया, न बहुना श्रुतेन.. **નતો પ્રવચન-શ્રવણ વડે આત્મા મળે, ન બુદ્ધિ વડે, ન ઘણા શ્રુત વડે (જ્ઞાન વડે) પણ...**

આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે જોઈએ આત્માનુભૂતિ.

એક ગુરુએ પોતાના બહુશ્રુત શિષ્યને કહ્યું : આત્મતત્ત્વ વિષે તું શું જાણે છે ? કહે તો. શિષ્ય દોઢ કલાક સુધી અસ્ખલિત ગતિએ આત્મતત્ત્વ પર બોલ્યો. પણ ગુરુએ જોયું કે એમાં તો કોરા શબ્દો જ હતા. અનુભવની ભીનાશ વિનાના આ શબ્દોનો શો અર્થ ? ગુરુએ કહ્યું : ભાખરીના ચિત્રો વડે પેટ ભરી શકાય ? તારી પાસે ભાખરી (આત્મતત્ત્વ)નું ચિત્ર છે. ભાખરી ક્યાં ? શિષ્ય ઊંડો ઊતર્યો. અને આત્માનુભૂતિ તેણે પ્રાપ્ત કરી.



## વાત્સલ્યપૂર્વકનું જ્ઞાન

આચાર્ય શ્રી ભાગ્યેશવિજય સૂરિજીએ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અગાધ વાત્સલ્યને કેવી રીતે માણ્યું હતું, તેની રોચક ગાથા તેમના જ શબ્દોમાં : "વિ.સં. ૨૦૩૦ના શ્રી ભોયણીજી તીર્થમાં થયેલ ઉપધાન તપમાં હું સાધક તરીકે જોડાયો. પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીના શીળા સામીપ્યને નજીકથી માણવાનો એ પ્રસંગ.

ઉપધાનમાં આયંબિલનો દિવસ આવ્યો તે પહેલાં હું રડવા લાગ્યો. પૂજ્ય ગુરુદેવશ્રી કહે : અલ્યા, કેમ રડે છે ? મેં કહ્યું : આયંબિલ મારાથી થતું જ નથી. એની રસોઈ જોતાં જ ઉલટી જેવું થવા લાગે છે. શી રીતે આયંબિલ થશે ? પીઠ પર હાથ પસવારતાં, પસવારતાં પૂજ્યશ્રી કહે : લે, આટલી નાની વાત છે ને તું રડે છે ! ચાલ, ઊભો થા. આંખોને લૂંછી નાખ. જરાય ચિન્તા ન કર. પૂજ્યશ્રીજીએ આયંબિલને દિવસે પાસે રહીને મને આયંબિલ કરાવ્યું.

રોમ રોમ વિકસિત થાય છે કે કેવું વાત્સલ્ય મળેલું !

મહાન ધર્મનાયક પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજા કહે છે : 'હા અણાહા કહં હુંતા, જઈ ણ હુંતો જિણાગમો.' હું કહીશ : 'હા અણાહા કહં હુંતા, જઈ ણ હુંતો ગુરુદેવો...' ગુરુદેવ ન હોત તો અમારી શી દશા હોત !"

૦૦૦

અમાપ વાત્સલ્ય સાથે જ્ઞાન આપવાની પદ્ધતિ પૂજ્ય ગુરુદેવશ્રીની પોતાની જ હતી. અઘરામાં અઘરા વિષયને સરળતાથી અને પ્રેમપૂર્વક તેઓશ્રી સમજાવતા હતા.



: સદ્‌ગુરુનો શક્તિપાત :

સદ્‌ગુરુ સાધકમાં રહેલ સંભાવનાઓને પરખે છે અને એમને અનુકૂળ વાતાવરણ આપી સંભાવનાઓને મૂર્તિમન્ત કરે છે. ક્યારેક સંભાવનાઓને નવી પણ પેદા કરે છે.

## અતીતનું અનુસન્ધાન

બૌદ્ધ ધર્મના અગ્રણી સંત બોધિધર્મ ચીનના એક મઠમાં ગયેલા. ત્યાં તેઓ ભીંત સામે મુખ કરીને બેસતા.

એક વાર એક મુમુક્ષુ તેમનાં દર્શન માટે ગયો. તેણે દર્દભર્યા સ્વરે વિનતિ કરી : ગુરુદેવ ! મારી સામે જુઓ ને ! એ સ્વરમાં રહેલ મુમુક્ષાને ગુરુ પારખી ગયા. તેઓ તરત જ તેની સમ્મુખ થઈ ગયા અને બોલ્યા : લે, મને તારી તરફ મુખ ફેરવતાં પાંચ સેકન્ડે ન થઈ. તને મારી સમ્મુખ થતાં કેટલો સમય લાગશે ?

ગુરુની આ સમજાવવાની પ્યાર-ભરી રીત ! મુમુક્ષુ તે જ ક્ષણે ગુરુનાં ચરણોમાં સમર્પિત થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પૂ. વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા.







# પૂજ્યપાદ ગુરુદેવશ્રીના હસ્તાક્ષરમાં
# શ્રી કલિકુંડ પાર્શ્વનાથ સ્તોત્ર

ॐ ह्रीं श्रीं तं नमह पासनाहं
ॐ ह्रीं श्रीं धरणिंद नमंसियं दुह विणासं
ॐ ह्रीं श्रीं जस्सप्पभावेण सया,
ॐ ह्रीं श्रीं नासन्ति उवद्दवा सव्वे ॥१॥
ॐ ह्रीं श्रीं पइ समरंताण मणे
ॐ ह्रीं श्रीं न होइ वाहि न तं महादुक्खं
ॐ ह्रीं श्रीं नामंपि हु मंत समं
ॐ ह्रीं श्रीं पयडं नत्थित्थ संदेहो ॥२॥
ॐ ह्रीं श्रीं जल जलण भय तह सप्प सिंह
ॐ ह्रीं श्रीं चोरारि संभवे खिप्पं
ॐ ह्रीं श्रीं जो समरेइ पासपहुं
ॐ ह्रीं श्रीं क्लीं. पहवइ न कया वि तं तस्स. ॥३॥
ॐ ह्रीं श्रीं क्लीं ह्रां ह्रीं इह लोगट्ठि परलोगट्ठि
ॐ ह्रीं श्रीं क्लीं जो समरइ पासनाहं तु
ॐ ह्रौं ह्रूं ह्रौं गां गीं गूं गः तं तः सिज्झइ खिप्पं
ॐ ह्रीं श्रीं क्लीं इय नाउ सरह भगवंतं ॥४॥

"ॐ ह्रीं श्रीं क्लीं ग्लौं प्रीं ग्लूं क्लीं क्लीं कलिकुण्ड-
- स्वामिने नमः स्वाहा"

ૐકારસૂરિ

# ઘટનાઓથી અપ્રભાવિત મહાપુરુષ

પૂજ્ય પ્રવર્તકજી જયાનન્દ વિજયજી મહારાજ જીવનની અન્તિમ ક્ષણ સુધી પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સેવા કરતા રહેલા.

તેમણે પૂજ્યપાદશ્રીના જીવનની ઘણી બધી અજ્ઞાત ઘટનાઓનો ઉલ્લેખ કરેલો.

એવી એક ઘટના યાદ આવે છે :

ઝીંઝુવાડા (પૂજ્યપાદ ગુરુદેવશ્રીની જન્મભૂમિ) માં ઉપાશ્રયમાં માણિભદ્ર વીરની મૂર્તિ હતી. ઉપાશ્રય જીર્ણ હોવાથી પાયેથી નવો બનાવવાનું શ્રી સંઘે નક્કી કર્યું અને તદનુરૂપ કાર્ય ચાલુ પણ થઈ ગયું. થોડાક ભક્તોએ કહ્યું : આખો ઉપાશ્રય ભલે નવો કરો. પરંતુ વીર બાપજીવાળા ભાગને જેમનો તેમ જ રાખજો. વીર બાપજીનું ઉત્થાપન નથી કરવું. તે પ્રમાણે ઉપાશ્રય તૈયાર થયો.

એ સમયગાળામાં પૂજ્યપાદ ગુરુદેવશ્રી ઝીંઝુવાડા પધાર્યા. ઉપાશ્રય જોઈને તેઓશ્રીએ કહ્યું : આ એક ભીંત જૂની કેમ રાખી છે ? અગ્રણીઓએ વાત કરી કે આ રીતે અમુક ભક્તોએ ના પાડવાથી તે ભીંત તેમ જ રાખી છે.

પૂજ્ય ગુરુદેવે તે ભક્તોને બોલાવ્યા અને કહ્યું : આખો ઉપાશ્રય નવો થાય અને માણિભદ્રજીવાળો ભાગ જૂનો રહે તે બરોબર લાગે છે તમને ?

ભક્તોને ગળે વાત તો ઊતરી. પણ તેઓએ કહ્યું : ગુરુદેવ ! વીર બાપજીનું ઉત્થાપન શી રીતે થાય ?

પૂજ્યશ્રી કહે : જુઓ, માણિભદ્રજી શાસનને સમર્પિત દેવ છે. અને આપણે એમની આશાતના માટે થોડું ઉત્થાપન કરીએ છીએ ? સરસ મઝાની આરસની દેવકુલિકામાં અન્યત્ર આપણે તેમને પ્રતિષ્ઠિત કરીશું.

ભક્તો સમ્મત થયા. હવે પ્રશ્ન એ આવ્યો કે તેમનું ઉત્થાપન કોણ કરે ? પૂજ્યપાદશ્રી કહે : એ જવાબદારી મારી. 'તો આપને ઠીક લાગે તેમ કરો...' ભક્તોએ કહ્યું. અને શુભ મુહૂર્તે ઉત્થાપન અને પ્રતિષ્ઠા બેઉ થઈ ગયાં.

ઘટના-પ્રભાવિત નહિ, પ્રભુ-પ્રભાવિત હતા પૂજ્ય ગુરુદેવશ્રી. આવી ઘણી બધી ઘટનાઓમાં તેમના કૃતિત્વને જોયું છે, પણ એ કૃતિત્વનો ભાર તેમનામાં ક્યારેય દેખાયો નથી. આ હતી તેઓશ્રીની પ્રભુ-પ્રભાવિતતા.

સદ્ગુરુ હોય નિર્ભાર...
જેના હૃદયમાં ભગવાન હોય,
તેનો ભાર હોય જ નહિ.

# ઈતિહાસની સફરે

સુભાષચન્દ્ર બોઝ જંગી માનવમેદની સામે ભાષણ કરી રહ્યા હતા. અચાનક એક જુત્તું સનસનાટ કરતું મંચ પર, સુભાષચન્દ્રના પગ પાસે, આવી પડ્યું. સામાન્ય વ્યક્તિ આવી ઘટનાથી કદાચ પ્રભાવિત થઈ જાય. હલબલાવી નાખે આવી ઘટના એને. પરંતુ આ તો હતા બોઝ. એમણે પોતાનું વક્તવ્ય ચાલુ રાખતાં, ધીરેથી પેલા જુત્તાને ઊંચકતાં કહ્યું : 'હું પહેરું છું, એ કરતાંય આ જુત્તું સરસ છે. જે સજ્જને આ જોડું ફેંક્યું છે, તેમને વિનંતી કરું કે તેઓ તેમના બીજા - અને હવે નકામા થઈ ગયેલા - જુત્તાને મંચ પર ફેંકે. જેથી આ નવાં જુત્તાં પહેરી, જૂનાંને અહીં મૂકી હું ચાલ્યો જાઉં..' આ હતી ઘટના-અપ્રભાવિતતા.



# શ્રદ્ધાનો પ્રદેશ

રાધનપુરમાં પંડિતવર્ય હરગોવનદાસ ભાઈ પૂજ્યપાદ ગુરુદેવશ્રીને બૃહત્સંગ્રહણી ભણાવતા હતા. તેમાં એક સ્થળે વૈમાનિક દેવોના વિમાનોની સંરચનાની વાત આવી.

પંડિતજી પોતાના શ્રેષ્ઠ ક્ષયોપશમ પ્રમાણે આ વિષય સમજાવતા હતા. પરંતુ વિદ્યાર્થી પ્રજ્ઞાવાન. પૂજ્યપાદશ્રીજીને જ્યાં સુધી પૂરેપૂરો વિષય સમજાય નહિ ત્યાં સુધી તેઓ દલીલો કર્યા કરે. દલીલોમાં વજૂદ હતું. પંડિતજીએ કહ્યું : સાહેબ ! તમારી વાત હું પણ સ્વીકારું છું. પરંતુ આનો બીજો ખુલાસો મને અત્યારે મળતો નથી. તેમણે ઉમેર્યુ : આ ગ્રન્થ કેટલાય વિદ્યાર્થીઓને હું ભણાવી ચૂક્યો છું, પરંતુ કોઈ વિદ્યાર્થીએ આવો પ્રશ્ન કર્યો નથી. અને મને ખુદને પણ આવો પ્રશ્ન થયો નથી. પરંતુ આજે આપનો તર્ક સાંભળતાં લાગે છે કે મારે આ વિષયમાં થોડો ઉહાપોહ કરવો જોઈશે.

એ જ રાત્રે પૂજ્યપાદ ગુરુદેવશ્રીને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક દેવ આવ્યો અને તેણે કહ્યું : તમારે અમારી વિમાનોની સંરચના જોવી છે ને ? ચાલો, તમને એ રૂબરૂ જ બતાવી દઉં... સ્વપ્નમાં જ પૂજ્યશ્રી એની સાથે ગયા. દેવે વિમાનોની સંરચના બતાવી. અને નજરે જોતાં જ બધો ગૂંચવાડો છૂ !

સવારે પંડિતજી આવ્યા અને કહે કે આખી રાત ઊંઘ નથી આવી. ખૂબ મનોમન્થન કર્યું. પરન્તુ તમારા પ્રશ્નનો સંતોષકારક ખુલાસો નથી સાંપડતો. ત્યારે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ કહ્યું : પંડિતજી, આવી રીતની સંરચના હોય તો મને લાગે છે કે આપણને પૂરો સંતોષ થઇ જાય.

પંડિતજી ઊછળી પડ્યા. 'વાહ! અદ્ભુત ! તમને ક્યાંથી આવો ખ્યાલ આવ્યો ?'

અને ત્યારે પૂજ્યપાદ ગુરુદેવે પોતાને આવેલ સ્વપ્નની વાત કરી.

પંડિતજીની ટિપ્પણી આવી હતી : જરૂર, ગત જન્મનો આપનો કોઈ મિત્ર દેવ જ આપને આ સ્વપ્નના બહાને ઉત્તર આપી ગયો !





## અતીતમાં ડોકિયું

આપણા દેશની સુપ્રિમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિએ આચાર્યશ્રી રત્નસુન્દર સૂરિજીને કહેલું : ભારતીય સંસ્કૃતિ વિષયક ચુકાદાઓ પ્રભુએ મારી પાસે લખાવેલા છે એવું હું માનું છું.

આચાર્યશ્રીએ પૂછ્યું : આ માન્યતા પાછળની તમારી વિભાવના કઈ ?

નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ કહે : આજે જ્યારે એ સંસ્કૃતિ વિષયક ચુકાદા હું વાંચું છું ત્યારે મને લાગે છે કે આમાં મારી બુદ્ધિનું સહેજ પણ કૃતિત્વ નથી. એટલે પ્રભુએ જ તે લખાવ્યા છે તેમ માનું છું. આચાર્યશ્રી આ ઉત્તરથી બહુ જ પ્રસન્ન બન્યા.

બુદ્ધિ ક્યાંક થાકે છે. અટકે છે. અને ત્યાંથી જ શ્રદ્ધાની સરહદ શરૂ થાય છે.



# આચાર્યપદ સ્વીકારની વેળાએ



# ચમત્કાર શ્રદ્ધાનો

પૂજ્યપાદ ગુરુદેવશ્રીને વિ.સં. ૨૦૩૩માં ચાલવાની તકલીફ શરૂ થઈ. સો ડગલાં ચાલતાં જ અસહ્ય દુખાવો પગમાં થાય કે બેસી જવું પડે. નિષ્ણાત ડૉક્ટરોએ લગભગ એક જ નિદાન કર્યું : સ્લિપડિસ્ક છે. અને મણકાની આ તકલીફ માટે ઓપરેશન અનિવાર્ય છે.

પૂજ્યશ્રીજીને એવો આભાસ થયો કે ઓપરેશન તો ન જ કરાવવું. તેમણે મક્કમતાથી ઓપરેશન માટે ના પાડી દીધી. તેઓશ્રીમદ્‌નું મનોબળ તો અત્યંત સક્ષમ હતું જ.

એક વર્ષ પછી, માડકા (વાવ તાલુકો) માં પરમતારક શ્રી શાન્તિનાથ દાદાના પ્રતિષ્ઠા મહોત્સવ પછી અમદાવાદ (સાબરમતી) ચાતુર્માસાર્થે જતાં પૂજ્યશ્રીજી જૂનાડીસા પધાર્યા.

જૂનાડીસાથી વિહાર કરતી વખતે પૂજ્ય દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાના અન્તિમ સંસ્કારના સ્થળે રચાયેલ દેવકુલિકામાં પ્રતિષ્ઠિત તેઓશ્રીની ચરણપાદુકાનાં દર્શન કર્યા. ભાવથી ચરણ પાદુકાનો સ્પર્શ કર્યો. તે દિવસ (વિ. ૨૦૩૪, જેઠ સુદિ ૧૧) અને તે ઘડી. મણકાનો અસાધ્ય વ્યાધિ છૂ !

શિષ્યો અને લોકોના આશ્ચર્ય વચ્ચે તે દિવસે પૂજ્યપાદશ્રી ચાલવા જ લાગ્યા અવિરત.. સો ડગલાં ચાલતાં બેસી જવું પડતું એને બદલે હજારો ડગ ભરાયા અને કોઈ જ પીડા નહિ.

સદ્‌ગુરુની ચરણ પાદુકાનો સ્પર્શ... શિષ્યની ચરણ-પીડા છૂ થયે જ છૂટકો હોય ને ! ગુરુકૃપા કેવા કેવા રૂપે અવતરિત થતી હોય છે ! સમર્પિતતાની સામે તેટલી જ તીવ્રતાથી કૃપાધારાનું આવું અમીવર્ષણ પૂજ્યપાદ ગુરુદેવે પોતાના જીવનમાં ઘણીવાર અનુભવ્યું છે.

સદ્‌ગુરુની કૃપાનું શિષ્યની શ્રદ્ધાની પૃષ્ઠભૂ પર થયેલ આ અવતરણ.



## ઈતિહાસને ઝરુખેથી

પંડિત એક ટાપુ પર ગયા. ત્યાં ત્રણ ભક્તો રહે. આવડે તેવા શબ્દોમાં પ્રભુની પ્રાર્થના કરે. આનંદથી રહે. પંડિતે કહ્યું કે પ્રાર્થના આમ ન થાય. હું તમને શીખવાડું. ભોળા માણસો કહે : શીખવાડો. પંડિતે પ્રાર્થના શીખવાડી.

પંડિત તો પોતાની હોડીમાં ટાપુ પરથી રવાના થયા. થોડે દૂર પહોંચ્યા હશે. ત્યાં એક ભક્ત પાણી પર - આપણે જમીન પર ચાલીએ તેમ - ચાલતો, દોડતો પંડિત પાસે આવ્યો. કહે ! પંડિતજી, પ્રાર્થનાના શબ્દો તો અમે ભૂલી ગયા.

પંડિત કહે : પણ તમે પાણી પર ચાલી કેવી રીતે શક્યા ? ભક્ત કહે : બસ, પ્રભુનું નામ લીધું ને ચાલવા માંડ્યો.

પંડિતે તેની આન્તર શ્રદ્ધાને નમસ્કાર કર્યા અને કહ્યું : તમારી પ્રાર્થના જે છે તે જ બરોબર છે. મનમાં પંડિત બોલ્યા : તમારી પાસે હૃદયના ભાવો છે, મારી પાસે તો માત્ર શબ્દો છે. તમારી ભક્તિ મારા કરતાં કંઈક ગણી ચઢિયાતી છે.





# શક્તિપાત

ઝીંઝુવાડાના ડૉ. સી.કે. વોરા સિરોહી (રાજસ્થાન)માં ચાતુર્માસાર્થે બિરાજતા પૂજ્યપાદ ગુરુદેવશ્રીના દર્શન માટે આવેલ. જોડે તેમના નાના ભાઈ દિનેશચન્દ્ર હતા.

ડૉક્ટરે પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સ્વાસ્થ્ય અંગે બધી વીગત મેળવી. દવાઓ અંગે સૂચના આપી.

વિદાય લેવાની વેળાએ ડૉક્ટરે કહ્યું : સાહેબજી, વાસક્ષેપ આપો ! સાહેબજીએ નાનકડો વટવો હાથમાં લીધો. અને વાસક્ષેપ આપવા માટે મૂઠીમાં લીધો.

એ જ વખતે દિનેશચન્દ્રે કહ્યું : સાહેબજી, વાવપ્રદેશવાળાઓને અને ડીસાપ્રદેશવાળાઓને જે વટવામાંથી વાસક્ષેપ આપો છો, તેમાંથી અમને આપો ને !

ગુરુદેવ ખડખડાટ હસી પડ્યા. તેમણે કહ્યું : દિનેશ ! મારી પાસે વટવો જ એક છે...

હું ગુરુદેવ જોડે બેઠેલ. મેં મારા સહપાઠી દિનેશને કહ્યું : દિનેશ ! સાહેબજીનો વાસક્ષેપ તો એક સરખો જ છે. પરંતુ વાવપ્રદેશ અને ડીસાપ્રદેશના ભક્તોમાં એને ઝીલવાની પ્રબળ ક્ષમતા છે. તેમની પાસે છે સદ્‌ગુરુ પ્રત્યેનો તીવ્ર અહોભાવ.

ભક્તનો અહોભાવ સદ્‌ગુરુની કૃપાને
પોતાની ભીતર ઝીલી લે છે.

મેં ઉમેર્યું : દિનેશ ! તું પણ અહોભાવની સશક્ત મનોદશાની સ્થિતિમાં સદ્‌ગુરુદેવના આ શક્તિપાતને ઝીલજે.

ગુરુચરણોનો પ્રસાદ થયો ને
આત્માનુભવ મને મળ્યો !
માહરે તો ગુરુચરણ પસાયે,
અનુભવ દિલમાંહિ પેઠો...

## અતીતનું અનુસન્ધાન

મહામુનિ અરણિક મુનિવર વેશ્યાને ત્યાંથી સદ્‌ગુરુની પાસે આવ્યા. સદ્‌ગુરુનાં શ્રી ચરણો પર તેમને પોતાનું મસ્તક ટેકવ્યું. અને સદ્‌ગુરુએ કર્યો શક્તિપાત.

સવાલ થાય કે શિષ્ય એ જ હતો, સદ્‌ગુરુ એ જ હતા. પહેલાં શક્તિપાત કેમ ન થયો ?

ઉત્તર આવો મળે છે : સદ્‌ગુરુ દીક્ષાના પહેલા દિવસથી જ શક્તિપાત માટે તૈયાર હતા. પરંતુ એ ઝીલવા માટે જે તીવ્ર અહોભાવ જોઈએ, તે વેશ્યાને ત્યાંથી આવ્યા પછી ઝળક્યો. અને એ જ ક્ષણે સદ્‌ગુરુએ શક્તિપાત કરી દીધો.

મુનિવરનો સાધના પરનો આત્મવિશ્વાસ જે પહેલાં હતો, તે ડગી ગયો અને થયું કે સદ્‌ગુરુ વિના સાધનામાર્ગે એક ડગ પણ ભરી ન શકાય.

અહોભાવની પૃષ્ઠભૂ પર
ગુરુનું વરસવું...

























## વાત્સલ્યનો ઘૂઘવતો સાગર

વિ.સં. ૨૦૪૪માં આચાર્ય હેમરત્નસૂરિજી પૂજ્યપાદ ગુરુદેવશ્રી જોડે વાવના શ્રી વાડીભાઈના બંગલે પાલડી અમદાવાદમાં એકાદ મહિનો રોકાયેલા અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સ્નેહસાગરની અંજલિઓ તેમણે ભરી ભરીને પીધેલી.

તેમના શબ્દોમાં :

"મેં પૂછેલું : સાહેબજી, ચાતુર્માસ પછી આપ કઈ બાજુ પધારવા વિચારો છો? પૂજ્યશ્રી કહે : સમ્મેતશિખરની યાત્રા કરવાની ભાવના છે. મેં કહ્યું : તો તો બહુ સરસ. ત્યાં બે-ચાર જિનાલયોનાં કાર્ય અધૂરાં રહ્યાં છે. આપ એ પ્રદેશમાં પધારો તો આપના વરદ હસ્તે તે જિનાલયોમાં પરમાત્માની પ્રતિષ્ઠા થઈ જાય.

ત્યારે પૂજ્યશ્રી કહે : તમે પાક્કા છો. તમારે આવવું નથી, ને મને કામ ભળાવી દેવું છે ! બોલો, સમ્મેત શિખરજીનો સંઘ નીકળે તો તમારે પણ આવવું. નક્કી ?

પૂજ્યશ્રીના એ સ્નેહથી વશ થઈ મેં કહ્યું : આપશ્રીની નિશ્રામાં સંઘ નીકળશે તો જરૂર આવીશ."

"પાલડી, અમદાવાદના તે 'રાજગૃહી' બંગલામાં એક દિવસ પં. શ્રી શીલચન્દ્રવિજયજી તથા પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી પૂજ્યશ્રીજીને મળવા આવેલ. ચાલુ વાતચીતમાં પૂજ્યશ્રીજીને પેનની જરૂર પડી. તેઓશ્રીએ પોતાનું દફ્તર તપાસ્યું. પેન ન મળે. પૂજ્યશ્રી તરત બોલ્યા : પેલા યશોવિજયજીના આસન પાસે તપાસ કરો. ત્યાંથી જ મળી જશે. એનું કામ જ એવું છે. કોઈ પણ ચીજ લઈ જાય, પણ પાછી આપવાનું એને યાદ ન રહે. અરે, મકાનમાં કોઈનીય ચીજ ખોવાય તો એ યશોવિજયના આસન પાસેથી મળી જાય..

પૂજ્યશ્રીજીના આ શબ્દોમાં શિષ્ય પ્રત્યેનો અગાધ પ્રેમ ઊછળી રહ્યો હતો. એક મા દીકરાની ભૂલની નોંધ લેતી હોય તેમ પૂજ્યશ્રીજી બોલતા હતા. તે વખતના તેઓશ્રીના શબ્દોની મીઠાશ ને હૃદયનો માતૃપ્રેમ આજે પણ યાદ આવે છે..."



## ઈતિહાસની સફરે

ગુરુ સાધકને પૂછે છે : તું કોણ ? (યાદ રહે : ગુરુ એનું નામ પૂછતા નથી.)

સાધક કહે : હું જોતાન છું. (એનું નામ જોતાન હતું.)

ગુરુ વહાલથી એને કહે છે : દશ વરસ પહેલાં તું મારી પાસે આવ્યો, ત્યારે પણ તું જોતાન હતો. આજે પણ તું જોતાન છે. તો તારા નેઈમલેસ એક્સપીરિયન્સ (અનામ અનુભવ) નું શું ?

શિષ્યને લાગ્યું કે તે હવે જોતાન નથી. તે શુદ્ધ આત્મદ્રવ્ય છે.

ગુરુના વાત્સલ્યનો ઘૂઘવતો સાગર સાધકના વૈભાવિક માટીના પિંડને ઓગાળી જ તો દે ને !



# સન્માન વિદ્વત્તાનું

બાળ મુનિરાજ શ્રી ૐકાર વિજયજીને ભણાવવા માટે બિહારથી પંડિત વર્ષાનન્દજી અને છોટાલાલજી જેવા દિગ્ગજ વિદ્વાનો આવતા.

એક વખત પૂજ્યશ્રી એકલા જ ભણનાર હતા. પાંચથી છ કલાક તેઓ પાઠ નવો લે. એ બધો પાઠ ધારી લે. મનમાં સ્થિર કરી લે. બીજે દિવસે પંડિતજી પૂછે ત્યારે ગઈકાલનો બધો જ પાઠ સંભળાવી દે.

તેમની આ અધ્યયનનિષ્ઠાથી પંડિતવર્યો પણ ખુશ હતા.

એક વાર મઝાની ઘટના ઘટી.

છ મહિના માટે એક પંડિતજી આવ્યા. ભણાવવા માટે છ મહિનાનો અભ્યાસક્રમ એમણે તૈયાર કર્યો. પરંતુ બાળ મુનિનો ક્ષયોપશમ તીવ્ર. મેધા કુશાગ્ર. રોજ છ કલાક ભણીને છ મહિનાનો અભ્યાસક્રમ અઢી મહિનામાં પૂરો કરી દીધો. અને એમાં વળી એક ઉત્સવ પર દાદા ગુરુદેવને જવું પડે તેમ હતું. તેથી પંડિતજીને ઘરે મોકલવાનું વિચારાયું.

સંઘના અગ્રણીઓ એક વાર દાદા ગુરુદેવ ભદ્રસૂરિ દાદા પાસે બેઠેલા અને પંડિતજી આવ્યા. દાદા ગુરુદેવ પૂછે છે : પંડિતજી, તમારો આ વિદ્યાર્થી કેવો છે? પંડિતજી કહેઃ બહુ જ હોંશિયાર.. પછી હસતાં હસતાં પંડિતજીએ કહ્યુંઃ પણ મને તો આમાં નુકશાન થયું. છ મહિનાનો અભ્યાસક્રમ એમણે અઢી મહિનામાં પૂરો કર્યો, એટલે મને તો પગાર અઢી મહિનાનો જ મળશે ને !

ઉદારદિલ સંઘના અગ્રણીઓએ કહ્યું : પંડિતજી, આપે જે નિષ્ઠાથી ભણાવ્યું છે, તેના અમે સાક્ષી છીએ. છ મહિનાનો પગાર ઉપરાંત ઈનામ અમારે આપને આપવું છે. આપ કૃપા કરી એનો સ્વીકાર કરો !

# અતીતમાં ડોકિયું

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ખંભાતમાં બિરાજમાન. ભક્તો તેમનાં પ્રવચનો સાંભળી પ્રભુવાણીનો મર્મ પામતા.

કાશી મહોપાધ્યાયજી ગયેલા ત્યારે તેમને ભણાવનાર વિદ્વાન પંડિતજીને ઘરે દીકરીના લગ્નનો પ્રસંગ આવ્યો અને તેમને યાદ આવ્યા યશોવિજયજી.

તેઓ કાશીથી ખંભાત આવ્યા. દશેક વાગ્યાનો સવારનો સુમારો. ઉપાધ્યાયજીનું પ્રવચન ચાલે. અને ધૂળથી રજોટાયેલ વસ્ત્રોવાળા પંડિતજી પ્રવચનસભાખંડ પાસે આવ્યા.

ઉપાધ્યાયજી મહારાજની તેમના પર દૃષ્ટિ પડી. અગ્રણીઓને કહ્યું : પંડિતજીને માન-સન્માન સાથે આગળ બેસાડો ! એ પછી પૂ. યશોવિજય મહારાજે કહ્યું: કાશીથી પધારેલા આ પંડિતજી મારા વિદ્યાગુરુ છે. તેઓએ જ મને નવ્ય ન્યાય આદિનું અધ્યયન કરાવ્યું છે.

પ્રવચન પૂરું થતાં જ શ્રાવિકા બહેનોએ સોનાનાં આભૂષણોનો ખડકલો પંડિતજી પાસે કરી દીધો.

પંડિતજી પ્રસન્ન થઈ ગયા.
















## ગુરુઆજ્ઞામાં જ ધર્મ

હઠીભાઈની વાડી, અમદાવાદમાં અંજનશલાકા ઉત્સવ થવાનો હતો. એ સમયમાં, આજથી ૬૫-૭૦ વર્ષ પહેલાંના સમયમાં (વિ. ૧૯૯૫ થી વિ. ૨૦૦૦) અંજનશલાકા ઉત્સવો ભાગ્યે જ ઉજવાતા.

બાળમુનિ ૐકાર વિજયજીને એ ઉત્સવ જોવાની ઈચ્છા થઈ. બાળસહજ અધિકારથી તેમણે દાદા ગુરુદેવને કહ્યું : આપણે અમદાવાદ જઈએ. ઉત્સવ જોવાશે. અમદાવાદ ચાતુર્માસ માટે ઘણી વિનંતીઓ છે, તો ચાતુર્માસ પણ ત્યાં થઇ જશે.

ગુરુદેવ આ ઘટનાનો ઉલ્લેખ કરતાં કહેતા કે જિંદગીમાં પહેલી વાર - અને છેલ્લી વાર પણ - મેં દાદા ગુરુદેવ પાસે પોતાની ઈચ્છા અભિવ્યક્ત કરી. (આમ તો, ઈચ્છાનો સવાલ જ ક્યાં હતો ? ગુરુદેવની આજ્ઞા... અને તે પ્રમાણે જ જીવનયાત્રા. કોઈ વિચાર નહિ, કોઈ ઈચ્છા નહિ.)

દાદા ગુરુદેવે બાળમુનિની વાત સાંભળી. વહાલથી તેમના માથા પર હાથ મૂક્યો. પણ કશું જ બોલ્યા નહિ. થોડા દિવસો પછી, બનાસકાંઠાના જ એક નાનકડા ગામની વિનંતી આવી અને દાદા ગુરુદેવશ્રીએ ત્યાં ચાતુર્માસની હા પાડી. બાળમુનિની ઈચ્છા અધૂરી રહી. પરંતુ -

દાદા ગુરુદેવ કેવા આર્ષદ્રષ્ટા, ભાવિના ભેદના જાણતલ હતા તેનો ખ્યાલ ગુરુદેવને - બાળમુનિ ૐકાર વિજયજીને આ ઘટનામાંથી આવ્યો.

એ ચાતુર્માસ પછી શંખેશ્વર તીર્થ આદિ સ્થળોમાં અમદાવાદ ચાતુર્માસ કરી આવેલ મહાત્માઓ મળ્યા. બાળમુનિએ ઉત્સુકતાથી અંજનશલાકા ઉત્સવની વિશેષતાઓ વિષે જાણવા ઈચ્છ્યું. તેઓએ એ તો બતાવ્યું. પણ પછી કહ્યું કે અમદાવાદના ચાતુર્માસમાં અમે તો બહુ હેરાન થયા.

"શી રીતે ?"

"કેમ, તમને ખબર નથી ?

હુલ્લડને કારણે લગભગ કર્ફ્યુ જ ચાલ્યા કર્યો ચાતુર્માસમાં. જે પોળમાં હોઇએ એ પોળની અંદર જ ૨-૫-૭ ઘરોમાં ગોચરી જઈ આવીએ. લોકો ઉપાશ્રયે આરાધના કરવા માટે પણ ન આવી શકે. અમે તો બંધિયાર પોળમાં, બંધિયાર ઉપાશ્રયોમાં ચાતુર્માસ પૂર્ણ કર્યું.

આ બાજુ, ઉત્તર ગુજરાતમાં આવતાં, મોકળી હવામાં ચાલતાં હાશકારો અનુભવ્યો." આ સાંભળી બાળમુનિને થયું કે દાદા ગુરુદેવ કેવા તો આર્ષદ્રષ્ટા છે ! અને નક્કી કર્યું કે હવે તો 'તવ્વયણસેવણા' (ગુરુવચનસેવા) જ. ક્યારેય સદ્‌ગુરુદેવનાં વચનો પર વિચાર નહિ. 'आज्ञा गुरूणां ह्यविचारणीया...'

'ગુરુતત્ત્વ વિનિશ્ચય' ગ્રન્થ યાદ આવે : 'गुरुआणाए मुक्खो...' સદ્‌ગુરુદેવની આજ્ઞાના પાલનમાં જ મોક્ષ.



## ઈતિહાસને ઝરુખેથી

શિષ્ય વહોરવા જાય છે, ગુરુદેવની આજ્ઞા લઈને. ગુરુદેવે કહ્યું : એક ચપ્પુ લેતો આવજે. શિષ્યે કહ્યું : તહત્તિ, ગુરુદેવ !

વહોરીને આવેલ શિષ્યે ગુરુદેવને ચપ્પુ આપ્યું. ગુરુદેવ કહે : પેલા કબાટમાં મૂકી દે. ગોચરી વપરાઈ ગઈ. દિવસ દરમ્યાનના બધાં કાર્યો થઈ ગયાં. ગુરુદેવ ચપ્પુને યાદ નથી કરતા. શિષ્યને પણ કોઈ સવાલ નથી થતો.

પૂનમની રાત. ચાંદનીનો પ્રકાશ ઉપાશ્રયમાં રેલાયેલો છે. ગુરુદેવ ઉઠ્યા રાત્રે બારેક વાગ્યે. કબાટ ખોલ્યું. ચપ્પુ હાથમાં લીધું. શિષ્યના સંથારા પાસે આવ્યા. નીચે ઝૂક્યા. અચાનક ચપ્પુ હાથમાંથી પડી ગયું. સહેજ અવાજ થયો. શિષ્ય જાગી ગયો. આંખો ખોલી. જોયું : ગુરુદેવ છે. આંખો બંધ કરી દીધી.

ગુરુએ ચપ્પુ ખોલી ગળા પાસેની એક નસને અડાડ્યું. લોહી દદડવા માંડ્યું. તે પાતરીમાં લઈ લીધું. ઔષધિ દબાવી લોહી વહેતું બંધ કર્યું.

સવારે વન્દન માટે આવેલ શિષ્યને ગુરુદેવે પૂછ્યું : રાત્રે શું થયેલું ? શિષ્યને જાણવાની ઇંતેજારી નથી.

ગુરુએ પોતાના જ્ઞાન વડે જોયેલ કે પૂર્વભવના વૈરાનુબંધવાળો સર્પ રાત્રે આવી શિષ્યને ડંખ મારવાનો હતો. શિષ્યને બચાવવાનો રસ્તો ગુરુને આ મળ્યો કે શિષ્યનું જ લોહી પાતરીમાં લીધેલું, તે પાતરી સર્પના આવવાના માર્ગમાં મૂકી. સાપે તે લોહી પીધું. તેની વૈરપિપાસા શાન્ત થઈ. તે ચાલ્યો ગયો. શિષ્ય બચી ગયો.

# ગુરુદેવનું વાત્સલ્ય : ભાવકોની ભક્તિધારા

સણવાલ (વાવ)માં પૂજ્યપાદ ગુરુદેવ પધાર્યા. એ ભાવુક ગામના લોકોનો ઉત્સાહ તો ચરમ સીમા પર. એક-દોઢ ગાઉ (૩-૪ કિલોમીટર) સુધી તો ગામલોકો બધા જ સામે આવેલ. ગામની બહેનોએ બેડાં ઉપાડેલ...

ગામના દહેરાસરે દર્શન કરી ઉપાશ્રયમાં બિરાજમાન થઈ પૂજ્યપાદ ગુરુદેવે પ્રવચન આપ્યું. જૈન ભાઈઓ અને હિન્દુ ભાઈઓ ખૂબ રસથી પ્રવચન સાંભળી રહ્યા હતા. ગુરુદેવની પ્રવચનશૈલી સરળ, રસાળ અને હૃદયસ્પર્શી રહેતી. પ્રવચન પૂરું થતાં જ શ્રી સંઘના અગ્રણી ભાઈએ ઉદ્‌ઘોષણા કરી : આવતીકાલે સવારે નવ વાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન આપશે.

મરક મરક હસતાં પૂજ્ય ગુરુદેવશ્રી એ ભાઈને કહે : પણ મને પૂછો તો ખરા ! કાલે રોકાવાનું થાય તો તો પ્રવચન બરોબર છે...

વચ્ચે જ પેલા અગ્રણી કહે : સાહેબજી, આજનો દિવસ તો આપના વિહારનો કહેવાય. અમારા માટે એકાદ દિવસ તો હોય જ ને !

ગુરુદેવે સમ્મતિ આપી.

બીજા દિવસે વ્યાખ્યાન પછી એ આગેવાનો એક ભાઈને લઈને આવ્યા : સાહેબજી, આ ભાઈને સિદ્ધચક્ર પૂજન ભણાવવાનું છે. સારો દિવસ આપ જોઈ આપો ! અહીં મહારાજ સાહેબ તો ક્યારેક જ પધારે. અને એમાંય આચાર્ય ભગવન્તનો તો ક્યારેક જ લાભ મળે. તો આપશ્રીની નિશ્રામાં પૂજન ભણાઈ જાય. ભાવક લોકોનો ભાવ જોઈ ગુરુદેવ હરખાયા. સિદ્ધચક્રપૂજન માટે દિવસ નક્કી કરી આપ્યો. પૂજન ભણાઈ ગયું.

બીજી સવારે અમારો વિહાર હતો. અમે લોકો વિહારની તૈયારી કરતા'તા. ત્યાં ચાર-પાંચ દીકરીઓ આવી. અને એક નાના મહારાજ પાસે અટ્‌ઠમનું પચ્ચક્ખાણ માગ્યું. પચ્ચક્ખાણ અપાઈ ગયું.

અચાનક ગુરુદેવને થયું : આજે અટ્‌ઠમનું પચ્ચક્ખાણ કેમ ? પૂછ્યું તો જવાબ મળ્યો : ચન્દનબાળાનો અટ્‌ઠમ લીધો છે.

થયું ! ચન્દનબાળાનો અટ્‌ઠમ. પારણે એના ત્યાં વહોરવા જવું પડે. તો જ અભિગ્રહ પૂર્ણ થાય. ચાર દિવસ બીજા વધ્યા..

સારું હતું કે, લગભગ હોય છે એ રીતે ગુરુદેવનો આગામી કાર્યક્રમ તરતમાં નહોતો. જેથી ભાવકોના ભાવોને ગુરુદેવ સંતોષી શક્યા.

અમે તે દિવસોમાં થોડી વાર ગુરુદેવ સામે જોતા : કેવું અમાપ વાત્સલ્ય ! થોડી વાર ભાવકો સામે જોતા : કેટલી અદ્‌ભુત ભક્તિ !

શ્રદ્ધાંજલિ ગ્રન્થ' જેવું લખવું કે આમ ચિત્રકારે કલ્પના કરી છે તેવું જ રહેવા દેવું ? તેમનો ઉત્તર આજે પણ કાનમાં ગૂંજે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટા સામે જોઈ તેમણે કહ્યું : આ મુખ જ ૐકાર રૂપ છે. પછી શબ્દોમાં ૐકાર લખવાની ક્યાં જરૂર છે ?

ખરેખર, એ મુખ જ ૐકાર રૂપ હતું. ૐકારમય હતું.

અને બીજી રીતે પણ મને એ ઠીક લાગ્યું. શબ્દથી અશબ્દ ભણી જવાની યાત્રાનો પણ એમાં સંકેત નિહિત હતો.

નામને છોડીને અનામી સ્વરૂપને પ્રાપ્ત કરવા જઈ રહેલ ગુરુદેવનાં ચરણોમાં વન્દના.



## અતીતમાં ડોકિયું

એક સાધક. નામ એનું રમ્યઘોષ.

ગુરુ પાસે સાધના-દીક્ષા લેવા એ આવ્યો. ગુરુએ એને પહેલી સાધના આપીઃ તું તારું નામ નથી...

સાધક ગુરુદેવ પાસે બેઠો. સતત આનું વિભાવન કરતો રહ્યો : હું અનામી છું. નામને પેલે પારની ઘટના.. રમ્યઘોષ તે હું નહિ.

અર્ધો કલાક પછી ગુરુદેવે હાક મારીઃ રમ્યઘોષ !

સાધક કહે : જી. ફરમાવો !

ગુરુ હસી પડ્યા. સાધક સમજી ગયો કે આ પોતાના માટેની ગુરુદેવની પરીક્ષા હતી. જેમાં એ નાપાસ થયો હતો. પોતે રમ્યઘોષ ક્યાં છે ? એ તો શરીરને વળગેલ એક લેબલ છે. સામાજિક વ્યવસ્થાનો એક ભાગ. પોતે છે અનામી.

# તારુ ડૂબે નહિ

ચીનુ કુમારનું વય સાતેક વરસનું. એક વાર બહેન વિમળા બહેન આદિ તળાવે કપડાં ધોવા જતા હતાં. ચીનુ કુમાર સાથે ગયા. ઝીંઝુવાડાનું તળાવ વિશાળ, પાક્કા પથ્થરના ઘાટો વડે બાંધેલું છે. બહેન કપડાં ધોવામાં મશગૂલ. ભાઈ સાહેબ તળાવને કાંઠે. ભવિષ્યમાં જે વ્યક્તિ હજારોના તારણહાર બનનાર હતી, તે વ્યક્તિને તરવાનો એકડો આવડતો નહોતો! પણ થયું કે પગથિયે પગથિયે થોડોક ઊતરું. ફરી પાછો ઉપર આવી જઈશ. બે-ચાર પગથિયાં ઊતરાણું. ત્યાં લીલ-ફૂલ પર પગ આવી ગયો. ભાઈ લપસ્યા. સીધા તળાવમાં.

હવે ? તરવાનું તો પોતે જાણતા નથી. થોડીક સેકન્ડોમાં જ જો ઉપર ન આવી જવાય તો...? ના, મૃત્યુનો ભય તે સમયે ભીતર નહોતો પડઘાયો. પણ એક વાત મનમાં ઘૂમરાતી રહી : મારે તો દીક્ષા લેવાની છે. શું હું દીક્ષા નહિ લઈ શકું ? પ્રભુના પથ પર મારો ડગ નહિ મંડાય ?

આ વિચારણા... હાથ અને પગ તળિયું શોધતા હતા. ત્યાં જ પગ હેઠે પગથિયાં આવી ગયાં. ચીનુકુમાર બહાર નીકળી ગયા.

કો'કે પાછળથી ગુરુદેવને પૂછેલું : મૃત્યુ ચોટલી પકડીને સામે ઊભેલું હોય ત્યારે સહજ રીતે ઊઠી જતા મૃત્યુના ભયને બદલે દીક્ષાનો વિચાર એ તો અદ્‌ભુત વાત કહેવાય.

પૂજ્ય ગુરુદેવે નમ્રતાથી પ્રત્યુત્તર વાળતાં કહેલું : આ તો પ્રભુની કૃપા. એક પણ શુભ ભાવ આપણા હૃદયમાં ઝલકે, એ પ્રભુકૃપાનું જ પરિણામ છે... જન્માન્તરીય સાધનાની પૃષ્ઠભૂ પર આ ભાવ ઝીલાઈ ગયો હશે.

પોતાનું કૃતિત્વ આમાં બિલકુલ નથી આવી સ્પષ્ટ વિચારણા પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી સાંભળીને જિજ્ઞાસુ પ્રસન્ન બન્યો.





## અતીતનું અનુસન્ધાન

યુરોપમાં ભક્તિયોગ પર એક સરસ ગ્રન્થ પ્રકાશિત થયો છે એમ હમણાં વાંચેલું. અઢીસો પાનાનું એ પુસ્તક સરસ રીતે બંધાયેલું - સુપબ્લી બાઉન્ડ છે, તેના આવરણ પર બે શબ્દો છપાયેલ છે : Total Surrender.(સંપૂર્ણ સમર્પિતતા) અને મઝાની વાત હવે આવે છે. જેમાં લેખકની ગહન વિભાવના - Concept છતી થાય છે.. અઢીસો એ અઢીસો પાનાં સંપૂર્ણતયા કોરાં છે.

આશય એ થયો કે તમે વિભાવોથી ખાલી બનેલ હો તો જ તમે પરમાત્માનાં શ્રીચરણોમાં સમર્પિત થઈ શકો.

ભક્તિ એટલે ભાગાકાર.

સોળની રકમને ચાર વડે ભાગો ત્યારે શું થાય ? એક કર્ણ પર ચાર, બીજા કર્ણ પર ચાર અને સોળની રકમ શૂન્યમાં પરિણમે.

ભક્ત બને શૂન્ય... એક બાજુ પ્રભુ, બીજી બાજુ ગુરુ. વચ્ચે ભક્ત બન્યો સેન્ડવિચ.

એટલે જ શિષ્ય અને સદ્‌ગુરુની આ વ્યાખ્યાઓ યાદ આવે : શૂન્ય (વિભાવોથી) બનવા માટે રાજી હોય તે શિષ્ય. શૂન્ય (વિભાવોથી) બનાવે તે ગુરુ.






















# ભક્તની ઓળખ

વિદ્વદ્વર્ય મિત્રવર આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજે કહેલો એક મઝાનો અનુભવ, તેમના શબ્દોમાં :

એક વાર હું પાંજરાપોળથી જગવલ્લભ પાર્શ્વનાથના દહેરાસર તરફ જતો હતો. અને અચાનક એક પાઘડીવાળા ભાઈ ઉત્સાહથી મારી પાસે આવ્યા : બાપજી, તમે આવી ગયા ? મોટા સાહેબ ક્યારે પધારશે ?

હું સમજી ગયો કે યશોવિજયજીની અને મારી શિકલ મળતી હોવાથી એ મને યશોવિજય માની બેઠાં છે. અને આચાર્ય ભગવન્ત ૐકારસૂરિ મહારાજ સાહેબ ક્યારે પધારશે એ પૂછી રહ્યા છે.

મેં કહ્યું : ભાઈ, હું યશોવિજય નથી. પ્રદ્યુમ્ન વિજય છું. પણ આચાર્ય મહારાજ અને યશોવિજયજી આદિ અઠવાડિયામાં જ અમદાવાદ પધારી રહ્યા છે.

પણ આ બોલતી વખતે હું એ ભાઈના ચહેરા સામે અને એમની ભીની આંખ સામે જોઈ જ રહ્યો. પોતાના ગુરુદેવનું નામ લેતાં આ ભાવકને કેટલો બધો આનન્દ થતો હતો !

મને ચૈતન્ય દેવનો શિક્ષાષ્ટકમાં કહેવાયેલ શ્લોક યાદ આવ્યો :

नयनं गलदश्रुधारया,  
वदनं गद्‌गदरुद्धया गिरा।  
पुलकैर्निचितं वपुः कदा,  
तव नामग्रहणे भविष्यति ।।

પ્રભુ ! એવો સમય ક્યારે આવશે કે તારું નામ લેતાં આંખો હર્ષાશ્રૂથી છલકાતી હશે, કંઠે ડૂસકાં જ ડૂસકાં હશે અને શરીરે હશે રોમાંચ.

ગુરુદેવના નામ પર અત્યન્ત ભાવવિભોર બનેલ એ શ્રાવકના ચહેરાને હું જોઇ જ રહ્યો.

પાછળથી મિત્ર યશોવિજયજીને મેં કહેલું કે તમારો વાવ, ડીસાનો ભક્ત આંખો પરથી જ પરખાઈ જાય. આ ભાઇ તો પાઘડીવાળા હતા. પણ પાઘડી ન હોત તોય આંખોના હર્ષાશ્રૂ અને ચહેરા પરના આનન્દથી એ ગુરુ ૐકારનો ભક્ત છે એ ખ્યાલ આવી જ જાત.



## ઈતિહાસની સફરે

ભક્તવર હનુમાનજીએ રામચન્દ્રજીને પૂછેલું : પ્રભુ ! લોકો મને ભક્ત કહે છે. પણ મને એથી સંતોષ નથી. ખરેખર, તમે મારી ભક્તિને પ્રમાણિત કરો છો ?

રામચન્દ્રજીએ આપેલ ઉત્તરને સંતવર શ્રી તુલસીદાસજી 'રામચરિત માનસ' માં લઈ આવ્યા :

કરત ભક્તિ મમ પુલક શરીરા,
ગદ્‌ગદ ગિરા, નયન બહે નીરા..

ભક્તિ કરતાં જેને શરીરે રોમાંચ થઈ રહે, જેનું ગળું ડૂસકાંથી ભરાયેલ હોય અને જેની આંખો હર્ષાશ્રૂથી પૂર્ણ હોય તે ભક્ત છે.

નારદ ઋષિના ભક્તિસૂત્રમાં પણ ભક્તની ઓળખ આપતાં આ જ ભાવને કહેતું સૂત્ર આવ્યું છે :

भक्ता एकान्तिनो मुख्याः, कण्ठावरोध–रोमाञ्चाश्रूमिः
परस्परं लपमानाः पावयन्ति कुलानि पृथिवीं च।।

# રોમે રોમે ગુરુદેવ

વાવપંથકના એક અગ્રણી શ્રાવક એક સાધુ મહારાજ પાસે બેઠેલા. વાતવાતમાં એ અગ્રણીએ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પોતાના પરના અમાપ ઉપકારોની વાત કરી અને ક્યારેય પોતે સદ્ગુરુવર્યના ઋણમાંથી મુક્ત નહિ થઈ શકે તેમ જણાવ્યું.

પણ એ વાતો કરતી વખતે મુનિવરે જોયું કે એમનો રોમ-રોમ વિકસિત થયેલ. આંખો હર્ષાશ્રૂથી છલકાયેલી.

એ મુનિપ્રવરે મને કહેલ કે જીવનમાં પહેલીવાર આ અનુભવમાંથી હું પસાર થયો કે સદ્ગુરુદેવ ૐકારસૂરિ મહારાજનું નામ લેતાં એ ભાઈના રોમ રોમ વિકસ્વર થયેલ.

સહેજ અલગ સન્દર્ભમાં, પ્રવીણ દેસાઈનું ગીત યાદ આવે :

'તારી ધારાને મેં ઝીલી જ્યારે જ્યારે,

મારે રોમે રોમે ફૂલ ખીલ્યા ત્યારે.'

ગુરુદેવના ઉપકારોની ધારા ઝીલાઈ અને રોમે રોમે પ્રફુલ્લતાનાં / વિકસ્વરતાનાં ફૂલો ખીલ્યાં..

૦૦૦

ઉપનિષદ્ના ઋષિના મન્ત્રગાનને ટાંકીને કહું તો, 'एकोऽहं बहुः स्याम्' ની પેઠે ગુરુદેવ એક રૂપમાંથી અનેક રૂપે વિલસ્યા.

બહુ સંખ્યક ભક્તોના હૃદયોમાં ગુરુદેવ, અને કેટલાય ભક્તોના રોમે રોમે ગુરુદેવ. ગુરુદેવ ! તમે અહીં જ છો.

એક ચિન્તકનું માર્મિક વિધાન યાદ આવે : સદ્ગુરુની કહેવાતી વિદાય એ પણ એમના આગમનનો જ એક માર્ગ છે.

ગુરુદેવ ઑરા રૂપે વિદ્યમાન. ભક્તોના હૃદયમાં સ્મૃતિ રૂપે ગુરુદેવ વિદ્યમાન...

ગુરુદેવ ક્યાં નથી ?

ગુરુદેવ ! તમે અત્ર, તત્ર, સર્વત્ર છો.



# ગુરુવરના નામે...

પાલીતાણામાં પૂજ્યપાદ ગુરુભગવન્ત શ્રીમદ્ વિજય અરવિન્દ સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં અમારું ચાતુર્માસ.

ચાતુર્માસમાં મધ્યપ્રદેશનાં એક દંપતી પૂજ્યપાદ, અધ્યાત્મયોગી આચાર્ય ભગવન્ત શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજાને વન્દનાર્થે આવેલ. પછી એ લોકો બધા મહાત્માઓને વન્દના કરવા નીકળેલા. વાવપંથકમાં અમે હતા. શ્રાવિકા પહેલાં મારી રૂમમાં આવ્યા. વન્દના કરી તેમણે કહ્યું : અમારા શ્રાવકજી હમણાં આવશે. તેમને પૂજ્ય અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત પર એવી ભક્તિ છે કે એમનું નામ લેતાં, સાંભળતાં તેમનાં રૂંવાડાં ઊંચકાઈ જાય છે. મને થયું કે શાસ્ત્રોમાં તો આ વાત સાંભળી છે. આજે નજરે જોવા મળશે. ત્યાં જ એ શ્રાવકજી આવ્યા. વન્દના કરી. મેં કહ્યું : અમારું આ ચાતુર્માસ તો સ્મરણીય બની જશે. રોજ તળેટીએ ગિરિરાજની સ્પર્શના કરવા જઈએ ત્યારે પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી કલાપૂર્ણસૂરિ મહારાજાના દર્શનનો લ્હાવો પણ અમને મળી જાય છે.

મેં જોયું. એ પ્યારા ગુરુવરનું નામ સાંભળતાં જ શ્રાવકજીના હાથના રોમ રોમ વિકસિત દેખાયા.
























# બહિરંગ અને અન્તરંગ વ્યક્તિત્વ

સમર્થ શબ્દશિલ્પી આચાર્યપ્રવર શ્રી શીલચન્દ્રસૂરિ મહારાજ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સામીપ્યમાં એકાદ મહિનો રહ્યા. તેમની સશક્ત કલમે દોરાયેલ પૂજ્ય ગુરુદેવશ્રીનું બહિરંગ અને અન્તરંગ વ્યક્તિચિત્ર ખૂબ જ ગમે તેવું છે. તેમના જ શબ્દોમાં :

"પડછંદ દેહ, ગોરો વાન, સાથે ચાલનારને અનાયાસે જ અદબ જાળવવા પ્રેરે તેવી પ્રતાપી ચાલ. ઉગ્રતા અને સૌમ્યતાના મિશ્રણ દ્વારા નીપજેલી દૃઢતાથી અંકિત થયેલો પ્રસન્નતા મઢ્યો ગોળ ચહેરો; નિર્ભેળ બુદ્ધિ, તોફાની તાર્કિકતા, દૃઢ સંકલ્પબળ, અન્યના વિચાર પ્રત્યે પૂરી લાગણી અને આ બધાંય તત્ત્વોને સંતુલનમાં રાખે તેવી નિર્મમ તટસ્થતા – આ તમામ વ્યંજનોના સંયોજન વડે આપોઆપ રચાતા પ્રતાપથી છલકાતી બે વિશાળ આંખો – એટલે શ્રી વિજય ૐકારસૂરિ મહારાજ.

૦૦૦

અતિઅલ્પ છતાં અતિનિકટના કહી શકાય તેવા પરિચયમાં તેઓશ્રીની કેટલીક વિલક્ષણતાઓ મેં જોઈ તે આઃ સતત કાર્યશીલ રહેવું, પણ નિરર્થક વાતો ને પ્રવૃત્તિઓથી બચતાં જ રહેવું... પોતાના દમામથી સામાને આંજવાનો લેશ પણ પ્રયાસ ન કરે તેવી સાદગીભરી છતાં ઓજસ્વી વર્તણૂક : બાળક સાથે બાળક તરીકે, ભક્ત સાથે વત્સલ અને લાગણીશીલ ગુરુજન લેખે, નાના કે મોટા પણ આદરપાત્ર જન સાથે અત્યંત સૌમ્ય અને સમાદરપૂર્ણ વર્તાવ દ્વારા વ્યવહારકુશળ આચાર્ય શ્રી તરીકે, તો પોતાના સમકક્ષ કે સમોવડીયા સાથે ઉન્નત મસ્તકે તંદુરસ્ત ચર્ચા કે સ્પર્ધા કે સંવાદ સાધનારા દૃઢ મનોબળી વ્યક્તિ તરીકે – આમ પરિસ્થિતિ અનુસાર જૂજવે રૂપે નીખરતું પ્રૌઢ વ્યક્તિત્વ.

મને લાગે છે કે પોતાની પ્રત્યેક બાબતને તથા પ્રવૃત્તિને તર્કપૂત બુદ્ધિના ત્રાજવે તોળનાર વ્યક્તિમાં જ આ વિલક્ષણતાઓ સંભવી શકે.

અને આ બધાં કરતાં પણ મને અંગત રીતે વધુ આકર્ષી ગઈ તેવી તેમની વિશિષ્ટતા એ કે જેમ તેઓ અન્યના વિચારથી, લાગણીના દબાવથી કે પ્રભાવથી અંજાય નહિ, તેમ પોતાનો વિચાર કે પોતાની વાત બીજા ઉપર લાદવાની કે બીજા ઉપર પોતાનો પ્રભાવ પાથરવાની લેશ પણ કોશિશ કરતાં તેમને મેં જોયા નથી.

૦૦૦

જો કે, આ બધી તો એમના બહિરંગ વ્યક્તિત્વ સાથે નિસબત ધરાવતી વાતો થઈ. એમનું અન્તરંગ વ્યક્તિત્વ કેવું હશે તે જાણવાની જિજ્ઞાસા, આથી સહેજે જ મનમાં ઊગી ગઈ હતી. અકસ્માતે જ આ જિજ્ઞાસા તૃપ્ત થાય તેવો મેળ જામી ગયો. વૈશાખ સુદિ બીજ અને ત્રીજ (પૂજ્યશ્રીની ચિરવિદાય : વૈશાખ સુદિ પાંચમ, વિ.૨૦૪૪) એ બે દિવસ દરમિયાન કેટલીક તદ્દન અનૌપચારિક, હળવી, આત્મીય અને લાગણીસભર ક્ષણો તેઓ સાથે ગાળવાનો અવસર મળી ગયો.

બાળક જેવું મુગ્ધ, વિસ્મયથી હર્યું ભર્યું, પરાયાને પણ ક્ષણાર્ધમાં પોતાના કરી લે તેવું, દંભ-દંશવિહોણું તેમનું એ સ્વરૂપ એ ક્ષણોમાં સોળે કળાએ નીખરી ઊઠેલું જોઇને હૈયું તર બની ગયું.

સમર્થ પ્રતિભાઓના વ્યક્તિત્વમાં એક અણદીઠ પણ ચુંબકીય આકર્ષણ હોય છે. પણ એ આકર્ષણના વાસ્તવિક સ્રોતની જ્યારે આપણને પિછાણ સાંપડે છે, ત્યારે આપણને કોઈક નવતર અને તે પણ સંતૃપ્ત કરી મૂકે તેવી પ્રાપ્તિ થયાનો આહ્લાદ કરાવી જાય છે.

આ આહ્લાદનો વારસો આપણું જીવનધન બની રહો !''

૦૦૦

## અતીતમાં ડોકિયું

જેમ્સ વ્હીસલર. લેન્ડસ્કેપ્સ્‌ના મૂર્ધન્ય ચિત્રકાર. એક મિત્રે એમને પૂછેલું: તમે માત્ર લેન્ડસ્કેપ્સ્- પ્રકૃતિચિત્રો જ કેમ દોરો છો ?

એ ચિત્રકારે કહ્યું : પૂર્ણ કદના એવા માણસો તો મને દેખાવા જોઈએ કે જેમને હું ચીતરું !

જેમ્સ વ્હીસલરે પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું દર્શન કર્યું હોત તો જરૂર તેમનું પોર્ટ્રેટ દોર્યું હોત.





# ઋણમુક્તિ

જેલાણા (વાવ તાલુકો) નાનકડું ગામ. પણ ત્યાં વસનારા ભાવકોનાં હૃદય તો બહુ જ વિશાળ. જૈનોના તો એક કે બે ઘર તે વખતે ખુલ્લાં. પણ ગુરુદેવ તો બધાના ગુરુપદે હતા ને ! અને એટલે હિન્દુ ભાઈઓનો ઉત્સાહ પણ ચરમ સીમા પર હતો. બહેનોએ મંગળ કુંભ ઉપાડેલાં. મંગળગીતો અને ઢોલના ઢબૂકાર સાથે સ્વાગતયાત્રા જ્યાં અમારે ઊતરવાનું હતું તેવા એક ઘર પાસે પૂર્ણ થઈ.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ રામાયણ અને મહાભારતના સરસ પ્રસંગો લઈને ટૂંકું પણ માર્મિક ઉદ્‌બોધન કર્યું. પણ લોકોની ભૂખ અર્ધા કલાકના પ્રવચનથી શમે તેવી નહોતી. બપોરે કલાક-સવા કલાક ગુરુદેવે પ્રવચન આપ્યું. રાત્રે પણ પ્રવચનની જાહેરાત થઈ. એક દિવસના રોકાણમાં લોકો ખૂબ લાભ લેવા માગતા હતા.

રાત્રે પ્રતિક્રમણ પછી મેં જ્યારે ગુરુદેવનાં ચરણે સ્પર્શ કર્યો ત્યારે થોડોક તાવ લાગ્યો. થાકને કારણે આવેલ તાવ હતો. રોજ વિહાર. બે-ત્રણ સમયનાં પ્રવચનો અને આખો દિવસ લોકોની આવન-જાવન. મેં ગુરુદેવને વિનતિ કરીઃ આપશ્રી આજે આરામ કરો. શરીર બહુ જ શ્રમિત થયું છે. કાલે પાછો વિહાર છે જ. ગુરુદેવે સમ્મતિ આપી. મેં ગુરુદેવને કાંબળી વગેરે ઓઢાડી દીધા. હું બહાર ઓટલા પર જઈ બેઠો. મંગળાચરણ કર્યું. અને લોકોમાં ગુસપુસ શરૂ થઈ : આપણે તો મોટા બાપુને સાંભળવા આવેલા. આ તો બીજા બાપુ છે. પૂ. ગુરુદેવ આ ગુસપુસ સાંભળી ગયા. ઓઢેલી કાંબળીઓ દૂર કરી એક કાંબળી ઓઢી તેઓશ્રી ઓટલા પર આવ્યા. મને કહે : તું સૂઈ જા. હું પ્રવચન આપી દઉં છું..

હું અંદર ગયો. સૂતો સંથારામાં. અહોભાવથી હૃદય છલકાયેલું : મહાપુરુષોની કરુણા કેવી હોય છે એ શાસ્ત્રોમાં વાંચેલું. આજે નજરે જોયું. ઠંડીની ઋતુ, શરીરે તાવ. ઓટલા પર બેસી ખુલ્લામાં બેઠેલ સેંકડો લોકોને પ્રવચન સંભળાવવાનું.... કયું ચાલક બળ હતું આની પાછળનું ? તેઓશ્રીના મનમાં એક જ વાત : મારે લોકોને કંઈક આપવું છે. પ્રભુની વાત લોકોના હૃદયમાં સ્પર્શે તો જ હું પ્રભુના ઋણમાંથી આંશિક રૂપે મુક્ત બનું... વન્દના ચરણોમાં.

# ઈતિહાસને ઝરુખેથી

મહાસતી સુલસા... પ્રભુ મહાવીર દેવે અંબડ શ્રાવક દ્વારા તેમને 'ધર્મલાભ'ની આશિષ મોકલી. પ્રભુનો 'ધર્મલાભ' આશીર્વાદ મળતાં જ મહાસતી હર્ષવિભોર બની ગયાં. આંખે હર્ષાશ્રૂ, ગળે ડૂસકાં, શરીરે રોમાંચ.

ડૂસકાં થમ્યાં ત્યારે મહાસતીએ કહ્યું : પ્રભુ ! તમે છો ત્રિલોકેશ્વર, અખિલ-બ્રહ્માંડેશ્વર. હું તમારાં ચરણોની નાચીઝ દાસી.. આપ મને યાદ કરીને 'ધર્મલાભ' ની આશિષ મોકલાવો... પ્રભુ ! આપના આ ઋણમાંથી હું મુક્ત ક્યારે થઈશ ?




'મોહિ લાગી લગન
ગુરુ ચરનન કી...'



## સાધનાબાગના માળી

વિ.સં. ૨૦૧૫ નું પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રીનું અને ગુરુદેવશ્રી આદિનું ચાતુર્માસ રાજકોટમાં.

ત્યાં રહેતા પ્રસિદ્ધ લેખક વૈદ્ય મોહનલાલ ધામી રોજ સવારે દહેરાસરે પૂજા કરી ગુરુવન્દના માટે ઉપાશ્રયે આવે. એકવાર તેમણે પૂજ્ય ગુરુદેવને વિનતિ કરી : મારા પુસ્તકોનો સેટ મારો માણસ આપની પાસે મૂકી જશે. સમય મળ્યે આપ થોડું અવલોકન કરશો. જેથી શાસ્ત્રીય મર્યાદા વિરુદ્ધ કંઈક લખાઇ જતું હોય તો આપ મને ચેતવી શકો.

પુસ્તકો આવી ગયાં. કબાટમાં મુકાઇ ગયાં. ગુરુદેવ તો વાંચતાં વાંચે. મારા (યશોવિજયના) હાથમાં એ પુસ્તકો આવી ગયાં. નાનપણથી જ પુસ્તકોનો કીડો હતો ને હું !

પહેલું પુસ્તક મારા હાથમાં આવ્યું 'સિદ્ધ વૈતાલ' નું. એટલું તો એ ગમી ગયું. મૂકવાનું મન જ ન થાય. ત્રણ ખંડોમાં પથરાયેલી એ બૃહત્કથાએ મારા મનનો કબજો લઈ લીધેલ. સાંજે અજવાળું હોય ત્યાં સુધી વાંચેલ હોય. રાત્રી જિજ્ઞાસામાં વીતી હોયઃ હવે શું થશે ? સવારે પ્રાતઃ કૃત્ય, દર્શન આદિ કરી નવકારસી વાપરી જાઉં મારા અધ્યયન-ખંડમાં. નવકારસી વાપરતી વખતેય મન તો કથામાં જ હોય... પંડિતજી સંસ્કૃતવ્યાકરણ ભણાવવા માટે નવ વાગ્યે લગભગ આવતા. ગઈ કાલનો પાઠ તૈયાર હોય. હવે ?

વ્યાકરણની ચોપડીની અંદર 'સિદ્ધ વૈતાલ' ને મૂકીને આગળના પ્રકરણો વાંચતો હોઉં. પંડિતજીનો ખોંખારો સંભળાય કે તરત 'સિદ્ધ વૈતાલ' ટેબલ નીચે છૂ થઈ જાય. અને વ્યાકરણનું પુસ્તક હોય હાથમાં... ! પંડિતજીને વિદ્યાર્થી 'ભણેસરી' લાગે !

ooo

મારા વાચનરસના છોડને પૂજ્ય ગુરુદેવની કરુણાએ પાણી સીંચેલું. એમને વિશ્વાસ હતો કે આ છોકરો બધું વાંચશે, પરંતુ એની શ્રદ્ધાનાં મૂળિયાં પરિપક્વ છે, એટલે વાંચન એને ક્યાંય આડા અવળા માર્ગ પર નહિ જ જવા દે.

મારા જેવા નાચીઝ માણસમાં આ મહાપુરુષે મૂકેલી શ્રદ્ધાના ઋણમાંથી મુક્ત થવું આ જન્મે તો સરળ નથી જ, ભવચક્રમાંય એ સરળ નથી.



## અતીતમાં ડોકિયું

દીનબન્ધુ એન્ડ્રુસ.. પ્રખર સમાજસેવક.. એક વાર એક ઝૂંપડપટ્ટીમાં ગયેલ. પતિ દારૂના પીઠામાં આખા દિવસની કમાણીના પૈસા હોમીને આવ્યો હતો. ઘરે છોકરાઓને ખાવા ધાન ન હતું. પત્નીએ ફરિયાદ કરી એ માટે તો પત્નીને ધીબી નાખી તેણે.

દીનબન્ધુ આ દૃશ્ય જોઈ હચમચી ઉઠ્યા. એમણે પેલા ભાઈને કહ્યું : ભાઈ ! પ્રભુમાં તો શ્રદ્ધા રાખ ! પ્રભુ તને આ કૃત્ય માટે માફ કરશે ? પેલો કહે : હું પ્રભુમાં માનતો નથી. દીનબન્ધુ કહે : તને ભલે પ્રભુમાં શ્રદ્ધા ન હોય. પ્રભુને તારામાં શ્રદ્ધા છે એનું શું કરીશ ? પેલો હચમચી ગયો : પ્રભુને મારામાં શ્રદ્ધા છે? ‘‘હા’’ અને એનું જીવનવહેણ બદલાઈ ગયું.



# સદ્ગુરુદેવની કરુણા

ત્રીસેક વર્ષનું મારું (યશોવિજયનું) વય. પૂર્વનું અને પશ્ચિમનું વાંચ્યા કરું. પરિણામે અહંકાર ભીતર સળવળ્યા કરે. બહુશ્રુતતાનું અભિમાન. પરિમાર્જિત ભાષાશૈલીનું અભિમાન...

ગુરુદેવને મારા તરફ કરુણા ઊપજી. 'સિદ્ધવૈતાલ' વાંચનારો નિશ્છલ બુદ્ધિવાળો યશોવિજય હવે અહંકારની ધૂળથી ખરડાયો હતો. અને સદ્ગુરુનું તો કાર્ય જ શિષ્યની ચેતના પર જામેલી ધૂળને ખંખેરવાનું હોય છે ને ! પૂજ્ય આનન્દઘનજી મહારાજના શબ્દોમાં આ ગુરુકૃત્યઃ

ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી,
ચેલે કી મતિ અપરાધિની નાઠી.

કરુણામય અવાજે ગુરુદેવે મને પોતાની પાસે બોલાવ્યો. મને પૂછ્યું તેઓશ્રીએ : તું આટલું બધું વાંચે છે, તો તેં હરિભદ્રસૂરિ મહારાજના ગ્રન્થોને વાંચ્યા છે? મેં કહ્યું : ના, જી.

કરુણામય ગુરુદેવે આજ્ઞા આપી : પહેલાં હરિભદ્રસૂરિ મહારાજને પૂરેપૂરા વાંચી લે.

મેં પૂછ્યું : ગુરુદેવ ! પહેલો ગ્રન્થ કયો વાંચું ?

મારી અહંચેતના પર લાકડી પડે એ ઉદ્દેશથી તેઓએ કહ્યું : પહેલાં 'યોગ બિન્દુ' વાંચ.

મેં એ ગ્રન્થ વાંચવાનું શરૂ કર્યું. એમાં છેડે આવ્યું : 'વિદૂષાં શાસ્ત્રસંસારઃ, સદ્યોગરહિતાત્મનામ્ ।' યોગચક્ષુ ન ખૂલી તો વિદ્વાનો માટે ગ્રન્થોનો પણ એક સંસાર જ હોય છે ! હું ધ્રુજી ઊઠ્યો. મેં ગ્રન્થોનો પરિગ્રહ જ કર્યો હતો ને ! જે ગ્રન્થ ગ્રન્થિમુક્ત બનાવી શકે; તેના દ્વારા મેં અહંકારની ગાંઠ તીવ્ર બનાવેલી !

કેવી કરુણા આ સદ્ગુરુની !

# અતીતનું અનુસન્ધાન

મિલારેપા તિબેટના વિદ્વાન પુરુષ. સાધનાની તલપ લાગી. એ વખતે તિબેટમાં નારોપા ગુરુ બહુ જ પ્રતિષ્ઠિત હતા. મિલારેપા ગુરુ નારોપા પાસે આવ્યા. વિનતિ કરી : મને સાધનાદીક્ષા આપો !

ગુરુ તો face-reading ના માસ્ટર. તેમને લાગ્યું કે અહંકાર ખૂબ છે. આમાં સાધના કેમ અપાય ? એમણે કહ્યું : આશ્રમમાં એક કુટિર બનાવવા માટે પથ્થરો જોઈએ છે. બાજુના પહાડમાંથી તું પથ્થરો તોડીને લાવ ! મિલારેપા ગયા પથ્થરો લેવા. સાંજે ગાડું ભરી પથ્થરો લઈને આવ્યા. ગુરુદેવને મળ્યા. ગુરુદેવે કહ્યું : કાલે સવારે મળજે. સવારે ફરી કહ્યું : પથ્થરો હજુ જોઈશે. અઠવાડિયા સુધી આ ક્રમ ચાલ્યો. સાતમી સાંજે પથ્થરો તોડી, ગાડું ભરી મિલારેપા આવી રહ્યા છે... વિચાર થાય છે કે ગુરુદેવ આ શું કરી રહ્યા છે? અચાનક પ્રકાશ મળ્યો કે ગુરુદેવ પથ્થરોને નહિ, મને તોડી રહ્યા છે. અહંકાર ઝર્યો. ગુરુ પાસે આવ્યા મિલારેપા. ગુરુએ તે જોયું. કહ્યું : બેસ, તને સાધના દીક્ષા આપું !





















## ભાવપંથક

વિ.સં.૨૦૨૩માં પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રી અને પૂજ્યપાદ ગુરુદેવશ્રી વાવ પધાર્યા. તે વર્ષે ચાતુર્માસ પણ ત્યાં થયું. ચાતુર્માસ પછી પૂજ્યપાદશ્રીજી વાવ પ્રદેશમાં વિચર્યા. ત્યાંના લોકોની ભક્તિથી ગુરુદેવ પ્રસન્ન બન્યા. એક કુશળ ઝવેરી હીરાને નજરથી પારખી લે તેમ પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ જોયું કે આ સરળ, ભાવક લોકોને ધર્મની થોડી વાતો કહીશું, તો પણ એનું બહુ સરસ પરિણામ આવશે.

અર્થશાસ્ત્રનો પ્રસિદ્ધ સિદ્ધાન્ત ગુરુદેવને યાદ આવ્યો : Minimum effort, maximum result. ઓછા પ્રયત્ને શાનદાર પરિણામ.

અને પૂજ્યશ્રીજીએ એ પ્રદેશને, ડીસા પ્રદેશ આદિની જેમ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું. ખરેખર, આ પ્રદેશોના લોકો બડભાગી હતા. શાસ્ત્રો કહે છે કે સદ્‌ગુરુનું સ્થાન પોતાના હૃદયમાં રાખનાર વ્યક્તિ બડભાગી છે, પરંતુ જેમનું સ્થાન સદ્‌ગુરુના હૃદયમાં છે તેમના સૌભાગ્યને શબ્દોમાં શી રીતે વર્ણવવું ?

દહેરાસરો, ઉપાશ્રયો, પાઠશાળાઓ આદિથી આખો પ્રદેશ સોહામણો બની ગયો. જ્યાં જીર્ણોદ્ધારની જરૂર હતી ત્યાં દહેરાસરોનો જીર્ણોદ્ધાર થયો. જ્યાં દહેરાસરો નહોતાં ત્યાં નવાં દહેરાસરો બન્યાં.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શબ્દોમાં કહું તો વાવ-પંથક ભાવપંથક બન્યું...

લોકો કેટલા સરળ આ પ્રદેશના, એનો એક નાનકડો અનુભવ :

ચોથર નેસડાની પાસેના એક ગામમાં થઈને અમારી વિહારયાત્રા પસાર થવાની હતી. એ ગામમાં માત્ર એક કલાકનું રોકાણ કરી આગળ જવાનું હતું. ગામમાં જૈનોનાં ઘર બે-ત્રણ. પણ આખું ગામ સામૈયું લઈને આવેલ. હિન્દુ બહેનોએ મંગળકુંભ ઉપાડેલ.

સ્વાગતયાત્રા ગામમાં એક જગ્યાએ થોભી, જ્યાં પ્રવચન આપવાનું હતું. પ્રવચનમાં બહુસંખ્યક હિન્દુભાઈઓને ઉદ્દેશીને કહ્યું કે એક હિન્દુના ઘરની ઓળખ - આઈડેન્ટિટી શું ? જે ઘરે માત-પિતાની તીર્થની જેમ સેવા થતી હોય અને જે ઘરે ગાયમાતાનાં દર્શન હોય તે હિન્દુનું ઘર. પ્રવચન પછી નવકારસી વાપરી અમે આગળની વિહારયાત્રામાં ગયા.

ચોમાસામાં એ ગામના એક ભાઈ મળવા આવ્યા. કહે : મહારાજ સાહેબ, તમારા અર્ધો કલાકના પ્રવચને એવી અસર કરી કે ગામમાં ૩૦-૪૦ ઘરોમાં આંગણે ગાયમાતા આવી ગઈ. ડેરી કલ્ચરને કારણે ભેંસ તો લોકોને ત્યાં છે જ. પરંતુ ગાયમાતા પ્રત્યેની ઉદાસીનતા તમારા પ્રવચનથી દૂર થઈ.

કેવો મઝાનો આ ભાવપ્રદેશ !

# ગુરુદેવની સાથે, સાથે

સિરોહી (રાજસ્થાન) પાસેનું એક ગામ. સિરોહી ચાતુર્માસાર્થે પધારતા ગુરુદેવ પૂ. ૐકાર સૂરિ મહારાજા એ ગામે પધાર્યા.

બપોરે એક શ્રાવકજી પૂ. ગુરુદેવ પાસે આવ્યા. મેલાં કપડાં, વધેલી દાઢી.. પૂજ્યશ્રીને કહે : સાહેબજી, મારી એક અરજ છે. અમને લોકોને તો તેમના દિદાર પરથી લાગ્યું કે કો'ક ગરીબ સાધર્મિક ભાઈ છે. ગુરુદેવ તો કરુણાના ભંડાર. સાધર્મિકોને સહાય અપાવવામાં તેઓશ્રીને બહુ રસ.

પણ, આ ભાઈને જોતાં સાહેબજી સમજી ગયા કે વાત કંઈક જુદી છે. અને જ્યારે એ શ્રાવકજીએ પોતાની વિનંતિ રજૂ કરી ત્યારે અમે લોકો આશ્ચર્યચકિત બની ગયા.

તેમણે કહ્યું : સાહેબજી, મારે સમ્મેતશિખરજીની સ્પેશિયલ ટ્રેન લઈ જવાની છે. એ સંઘ ઊપડે તે પહેલાં અષ્ટાહ્નિકા મહોત્સવ, શાન્તિસ્નાત્ર વગેરે કરવું છે, તો તે માટે મુહૂર્ત આપશ્રી આપો ને!

રાજસ્થાનની આ ભાવકતા જોઈ અમે છક થઈ ગયા. એકાદ કરોડનો ખર્ચ કરી યાત્રિકોને સમ્મેતશિખરજીની યાત્રા કરાવવાની ભાવનાવાળો એ કરોડોપતિ શ્રાવક.. પણ સાદાઈ કેટલી ! કદાચ એમના હૃદયમાં એક જ વાત હશે : પ્રભુની કૃપાથી મળ્યું છે, પ્રભુની ભક્તિમાં વાપરવું છે.



# ડીસા પ્રદેશ : ભાવપ્રદેશ

ડીસા પ્રદેશ પર પૂજ્યપાદ ગુરુદેવોની સદાય અમીનજર રહેલી. વારંવાર વિચરણ એ પ્રદેશનું થયા કરતું.

જૂનાડીસા પર તો પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રી અને ગુરુદેવશ્રીની અપાર કૃપા ઊતરેલી. ચૌદ કરતાં પણ વધુ ચાતુર્માસ એ પાવન ધરતી પર ગુરુદેવોનાં થયાં. મને યાદ આવે હેમચન્દ્ર સૂરિ મહારાજા. તેઓ પણ આ ધરતી પર પધારેલા. પૂ. હીરવિજય સૂરિ મહારાજ તો અહીં વધુ સમય રોકાયેલા. 'હીરસૌભાગ્ય' નામના તેમના જીવન ચરિત્રને વર્ણવતા ગ્રન્થમાં જૂનાડીસાની આ પુણ્યપાવન ધરા પર તેમણે કરેલી એક વિશેષ સાધનાનો ઉલ્લેખ છે.

જૂનાડીસાના ઉપાશ્રયમાં તેઓ હતા ત્યારે તેમને એક વિચાર આવ્યો કે પોતાના અનુગામી તરીકે પોતે કોને નીમે ? અવઢવ ટાળવા માટે એમણે વિચાર્યું કે પોતાના સાધનાબળથી તેઓ શાસનદેવીને પ્રત્યક્ષ કરે અને એમને આ પ્રશ્ન પૂછી ઉત્તર મેળવે.

તે પ્રમાણે શાસનદેવી રાત્રે પ્રત્યક્ષ થયાં. આચાર્ય ભગવન્તે પૂછ્યું કે પોતે પોતાના અનુગામી તરીકે કોને નીમે ? દેવીએ પોતાના જ્ઞાન બળ વડે જોઇને કહ્યું : તમારા અનુગામી તરીકે આચાર્ય વિજય સેનસૂરિજી યોગ્ય છે.

આચાર્ય ભગવન્તશ્રીને સંતોષ થયો.

આ ધરતી : જે કલિકાલ સર્વજ્ઞશ્રી તથા પૂજ્યપાદ હીર વિજય સૂરિ મહારાજાની ચરણરજથી અલંકૃત... આ ધરતી : જે આપણા યુગના મહાન સાધનાચાર્ય અને ભક્તિયોગાચાર્ય પૂજ્યપાદ ભદ્રસૂરિ દાદાની સાધના સ્થળી. જપયોગનિષ્ઠ, સરળસ્વભાવી આચાર્ય ભગવન્ત શ્રીમત્ કીર્તિસાગરસૂરિ દાદાની આ સાધનાભૂમિ..

આ ધરતીનાં આન્દોલનોને મેળવીને સાધનાને તીક્ષ્ણ બનાવવા પૂજ્યપાદ ગુરુદેવશ્રી, આ જ ધરતીના પનોતાપુત્ર ગચ્છાધિપતિ આચાર્ય ભગવન્ત શ્રીમત્ સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજા અને મધુરભાષી આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજય જિનપ્રભ સૂરીશ્વરજી મહારાજા અહીં પધારતા રહેતા.

અમારા માટે પણ આ ધરતી - ડીસા પ્રદેશની - તીર્થરૂપ છે. ભીલડિયાજી તીર્થ અને એની આજુબાજુમાં આવેલ આ રમ્ય ગામો - વાઘપુરા વિહારધામ, ડીસા, રાજપુર, જૂનાડીસા, નેસડા, આસેડા.... એક પૂરો ભક્તિ પ્રદેશ.

## અતીતમાં ડોકિયું

પાટણમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવન્ત હેમચન્દ્રસૂરિ મહારાજાની પધરામણી થઈ. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પોતાના આ ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. સ્વાગતયાત્રા દરમિયાન કુમારપાળની નજર આચાર્ય ભગવન્તનાં વસ્ત્ર પર પડી. સાહેબે પહેરેલ કપડો અત્યન્ત જાડો હતો. બરછટ પણ ખરો. સ્વાગતયાત્રા અને અન્તે માંગલિક પ્રવચન બાદ બધા વિખરાયા પછી પરમાર્હતે ગુરુદેવને પૂછયું : સાહેબજી, આવો જાડો કપડો અને તેય આપના અંગ પર ?

ગુરુદેવે કહ્યું : હું ડીસા (અત્યારનું જૂનાડીસા) થઈને અહીં આવ્યો. ડીસાના એક શ્રાવકે ખૂબ ભક્તિથી આ વસ્ત્ર મને વહોરાવેલું. મેં વસ્ત્રને નહિ, વસ્ત્ર મને વહોરાવનારના ભાવને જોયા છે. કેટલા અદ્ભુત ભાવો ! આ વસ્ત્ર મને વહોરાવતાં એની આંખો વરસી ગયેલી. કેવો બડભાગી આ ભક્ત !



# પૂજ્ય ગુરુદેવશ્રીની વિહારભૂમિ જૂનાડીસાનાં જિનાલયો...







# પૂજ્ય ગુરુદેવશ્રીની વિહારભૂમિ વાવનાં જિનાલયો...







# શિલાલેખ નહિ, હૃદયલેખ

ઝીંઝુવાડા (પૂજ્યપાદ ગુરુદેવશ્રીની જન્મભૂમિ)ના એક ભાઈ વ્યાપારી કારણોસર વાવપંથકના એક વેપારીની દુકાને ગયેલ. ઝીંઝુવાડાના ભાઈને ખ્યાલ નહિ કે આ વેપારી વાવપ્રદેશના છે.

દુકાને રહેલ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના ફોટાને જોઈને ઝીંઝુવાડાવાળા ભાઈ કહે : આ તો અમારા ગુરુદેવ છે. વાવપંથકવાળા ભાઈ કહે : અમારા તો એ તારણહાર છે. અમારા એ શુષ્ક પ્રદેશમાં ગુરુદેવ પધાર્યા અને અમારી ધરતી ધર્મધરા બની. અમારા હૃદયમાં ધર્મબીજનું વાવેતર ગુરુદેવે કર્યું. વખતોવખત ધર્મોપદેશનું પાણી પણ એને આપતા રહ્યા. એમની આંખોમાં રહેલી ભીનાશ કહેતી હતી કે અમે જે કંઈ છીએ, એ ગુરુદેવને આભારી છે. શૂન્યમાંથી શિખરે પહોંચાડનાર છે આ ગુરુદેવની કરુણા...

સાંભળતાં ઝીંઝુવાડાવાળા શ્રાવકની છાતી ગજગજ ફૂલી : અમારી ધરતીમાંથી નીપજેલું આ રત્ન... કેવું તો દેદીપ્યમાન નીકળ્યું.

મને ગુરુદેવનું એક વિધાન યાદ આવે છે. સંખ્યાબંધ પ્રતિષ્ઠા આદિ પછી ક્યારેય શિલાલેખ માટે ન તેમની ઈચ્છા રહેતી. અમે લોકો એ અંગે જે તે શ્રી સંઘના



અગ્રણીઓને સૂચના આપીએ તો તેઓશ્રી નારાજ થઈ જતા. તેઓશ્રી અમને કહેતા : પ્રભુની આજ્ઞા પ્રમાણે આપણે કાર્ય કરવાનું હોય છે. તકતીનો મોહ એ છે લોકેષણા. અને પ્રભુએ આચારાંગસૂત્રમાં લાલ લીટી દોરીને કહ્યું છે : 'णो लोगस्सेसणं चरे...' તું લોકેષણામાં ન જતો.

આ નિઃસ્પૃહતા....

જો કે, ગુરુદેવનું નામ ભીંતો પર ઓછું લખાયું (તેવી તેમની ઈચ્છા હતી માટે), પણ લોકોના હૃદયો પર એમનું નામ કાળજયી અસર મૂકી ગયું છે.

ઘણા બધા લોકોએ, આંખમાં આંસુ સાથે અમને કહ્યું છે કે ગુરુદેવે તેમના માટે, તેમના શ્રીસંઘ માટે કેટલું બધું કરેલું...

શિલાલેખ નહિ, હૃદયલેખ...

## પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મભૂમિ

નગરી ઝીંઝુવાડા.

પૂજ્યપાદશ્રીજીની જન્મભૂમિ.

પૂજ્યપાદ સકલાગમ રહસ્યવેદી આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાની પણ એ જન્મભૂમિ.

પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ ઝીંઝુવાડા ગામની ઐતિહાસિક પૃષ્ઠભૂ વર્ણવતાં કહે છે :

"શ્રી શંખેશ્વરજી મહાતીર્થથી ૧૬ માઈલે નૈઋત્ય કોણમાં ઝીંઝુવાડા નામે ગામ આવેલ છે. આ ગામ ઘણું પ્રાચીન છે. સિદ્ધરાજ જયસિંહના સમયમાં બંધાયેલ કિલ્લાના ઘણા અવશેષો આજે પણ ત્યાં વિદ્યમાન છે.

સૌરાષ્ટ્ર તરફની ગુજરાતની સરહદે આ ગામ આવેલું હોવાથી તેનું 'યુદ્ધ પાટક' (ઝૂંઝવાડા) પ્રાચીન નામ હશે એમ લાગે છે.

ત્યાં જૈનોની સારી એવી વસ્તી છે. શ્રી શાન્તિનાથ ભગવાનનું બે માળનું સુંદર જિનાલય, બે વિશાળ ઉપાશ્રય, જ્ઞાનભંડાર, પાંજરાપોળ આદિ ધર્મસ્થાનોથી આ ગામ સુશોભિત છે."



# તપોમૂર્તિ, સેવામૂર્તિ




પૂજ્ય ગુરુદેવશ્રીનાં માતુશ્રી હતાં મા કંકુમા. રત્નકુક્ષિ માતા. પ્રભુશાસનને સમર્પિત માતા સતત પ્રભુને પ્રાર્થતી કે પ્રભુ ! મારા પાંચ પુત્રોમાંથી એક તારા માર્ગ પર આવે, એક પુત્ર તારા શાસનની સેવા કરે એવું તું કરજે હો !

પ્રભુનાં ચરણોમાં કરાયેલી પ્રાર્થના તો તત્ક્ષણ - on that very moment - ફળે છે ને !

પ્રાર્થના સાકાર આ રીતે થઈ. પિતા ઈશ્વરલાલભાઈ પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રીના સમાગમે વૈરાગ્યરંગે રંગાયા અને પોતાના પાંચે પુત્રોને એકઠા કરી કહ્યું : મારે દીક્ષા લેવી છે. તમે સહુ મને પ્રેમથી રજા આપો. અને બીજી મારી ઈચ્છા છે કે તમે પાંચ ભાઈઓ છો, એક ભાઈ મારી જોડે પ્રભુના માર્ગે આવે.

નાનકડા ચીનુકુમાર જન્માન્તરનો વિરાગી આત્મા. દીક્ષા માટે એ તૈયાર થઈ ગયો. પિતા-પુત્ર બેઉની દીક્ષા વિ.સં.૧૯૯૦માં, ઝીંઝુવાડામાં, દાદા ગુરુદેવના વરદ હસ્તે થઈ. પિતાશ્રી મહારાજ વિલાસ વિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિરાજ શ્રી ૐકાર વિજયજીને ઘોષિત કરાયા. એટલે ગુરુદેવના ગુરુ તપસ્વી મુનિરાજ શ્રી વિલાસ વિજયજી મહારાજ અને દાદા ગુરુદેવ પૂજ્ય દાદા ભદ્રસૂરિ મહારાજા.

પૂજ્ય વિલાસ વિજયજી મહારાજે ખૂબ ઉગ્રતપશ્ચર્યાઓ અપ્રમત્તપણે કરી. છેલ્લે સિત્તેર ઉપવાસની તપશ્ચર્યા તેમણે કરેલી.

સાધનામૂર્તિ દાદા ગુરુદેવ.
તપોમૂર્તિ ગુરુદેવ.
શાસનસેવાનિષ્ઠ શિષ્ય.
કેવો અદ્વિતીય આ સંગમ !



## ઈતિહાસને ઝરુખેથી

આઠ વરસનો દીકરો. ગુરુદેવ પાસે આવ્યો. વન્દના કરી, કહે : ગુરુદેવ ! મને દીક્ષા આપો !

ગુરુદેવ તો face-reading ના માસ્ટર. જોયું કે જન્માન્તરીય વૈરાગ્યની ધારામાં વહી આવેલું વ્યક્તિત્વ છે. એને દીક્ષા તરત આપી શકાય.

આજુ બાજુ ઘણા ભાવકો બેઠેલા. તેમને નવાઈ લાગી : આવો કુમળો છોકરો. ત્યાગના પંથે જવાની વાત કરે છે !

ગુરુદેવે આ લોકોને સમજ મળે એ માટે બાળકને પૂછ્યું : બેટા ! એવું કયું નિમિત્ત મળ્યું કે તારો વૈરાગ્યનો અગ્નિ આવો પ્રદીપ્ત થઈ ઉઠ્યો છે !

બાળક કહે : ગુરુદેવ ! ગઈ કાલે મા રસોઈ કરતી હતી. હું માની પાસે બેઠેલો. અચાનક મારી નજર ચૂલામાં રહેલ લાકડાં પર પડી. મોટાં લાકડાં તો ધીરે ધીરે રાખમાં ફેરવાયાં, પણ નાનાં લાકડાં તો ફટાફટ રાખમાં ફેરવાઈ ગયાં. આ દૃશ્ય જોઈ હું ચોંકી ઉઠ્યો, ગુરુદેવ ! મહાકાળની ભઠ્ઠીમાં હું નાનકડું લાકડું જ છું. હું ક્યારે ધ્વસ્ત થઈ જઈશ. એમાંથી બચવા આપના શરણે આવ્યો છું. મને દીક્ષા આપો !

જન્માન્તરીય વૈરાગ્યનો ધધકતો અંગારો - જે સહેજ વિસ્મૃતિની રાખમાં ધરબાઈને બેઠેલ - આ ઘટનાએ તેના પરની રાખ ઉડાડી મૂકી અને વૈરાગ્યનો ધધકતો અંગારો પ્રકટ થયો.









# ચાતુર્માસઃ ચાર માસનો ઉત્સવ !

આચાર્ય શ્રી હેમરત્નસૂરિજીએ એક વાર પૂછેલું ગુરુદેવને : સાહેબજી, આપ ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના ગ્રામ્યપ્રદેશમાં જ કેમ વિચરો છો ? શહેરોના લોકોને પણ આપના જ્ઞાનનો લાભ મળવો જોઈએ ને !

ગુરુદેવે હસતાં હસતાં કહ્યું : હેમરત્નસૂરિજી, શહેરોના લોકોનું પુણ્ય ઘણું છે, એટલે એ લોકોને મહાત્માઓનો લાભ મળી જ રહે છે. મને ગ્રામ્યપ્રદેશમાં વિચરણના બે લાભ સમજાયા છે અને એટલે હું એ રીતે વિહરું છું.

આચાર્યશ્રીએ પૂછ્યું : પહેલો લાભ કયો? અમને ખબર પડેને આ લાભોની, તો અમેય શહેરોને છોડીને ગામોમાં આવી જઈએ !

ગુરુદેવે કહ્યું : પહેલો લાભ છે સાધના માટેના સરસ વાયુમંડળનો. નાનાં ગામો, પણ વિશાળ, ભવ્ય દહેરાસરો, મોટા ઉપાશ્રયો અને વિશાળ હૃદયો ત્યાં રહેનાર શ્રાવકોનાં. અને હજુ ગ્રામ્યપ્રદેશમાં સંસ્કારિતાનું વાતાવરણ અકબંધ રહેલું હોઈ ત્યાં સાધનાનાં મઝાનાં આન્દોલનો મળે છે. પ્રદૂષણ લગભગ ન હોવાના કારણે સ્વાસ્થ્ય માટે પણ એ વાતાવરણ સુખકર છે.

હેમરત્નસૂરિજીને આ વાત ગળે ઊતરી. તેમણે પૂછ્યું : બીજો લાભ કયો ?

ગુરુદેવે કહ્યું : લોકોને કંઈક આપી શકવાનો લાભ. એકાદ દિવસ એક ગામમાં અર્ધો કલાક પ્રવચન આપેલું હોય અને અર્ધાથી વધુ ગ્રામજનો (તમામ જ્ઞાતિના લોકો ત્યાં પ્રવચનમાં આવે) બીડી, સિગારેટ આદિનો ત્યાગ કરી દે છે. ઘણાં ગામોમાં તો વાવ તાલુકાનાં - આ વર્ષે હું જઈ આવ્યો હોઉં, બીજા વર્ષે જાઉં; પૂરા વર્ષના ગાળામાં એક પણ મહાત્માનું દર્શન ત્યાંના લોકોને ન થયું હોય..

ગુરુદેવે હસતાં હસતાં સમાપન કર્યું : આવા ભૂખ્યા લોકો ! સાધુનું દર્શન થતાં અહોભાવથી ભીના-ભીના થઈ જાય. અને એ ભીની ધરતીમાં નાખેલ બીજ સહેજે જ અંકુરિત, ફલિત થાય જ ને ?

હેમરત્ન સૂરિજી સાહેબજીની વાતોમાં સમ્મત થયા. જો કે, ગુરુદેવે કહ્યું : હેમરત્નસૂરિજી, તમારા જેવા પ્રભાવક પ્રવચનકારો શહેરોમાં રહે એ પણ જરૂરી છે, જેથી આપણા યુવાધનને આપણી સંસ્કૃતિના પ્રવાહમાં રાખી શકાય.

ગુરુદેવની તટસ્થ વિચારધારા સાંભળી આચાર્યશ્રી પ્રભાવિત થયા. તેમણે કહ્યું : આપ ગામોમાં રહો છો, પરંતુ આપનું ચિન્તન અને સમજાવવાની શક્તિ અદ્‌ભુત છે..



જસવન્તપુરા, રોહિડા, પાડિવ, કાલન્દ્રી, વાંકડિયા વડગામ, સાંચોર, સિરોહી, કલાપુરા, ધનિયાવાડા, પાંથાવાડા, આરખી, ભડથ, આલવાડા, પાલનપુર, પાટણ, રાધનપુર... આ બધાં રાજસ્થાન અને ઉત્તર ગુજરાતનાં ભાવક ક્ષેત્રો છે; જ્યાં ગુરુદેવે ઘણી બધી વાર પગલાં કરેલ, ચાતુર્માસ પણ કરેલ...

એક ભાવક ક્ષેત્રના ચોમાસાની વાત મને યાદ આવે છે. અમારા પ્રવેશના દિવસથી દહેરાસર અને ઉપાશ્રયની બહાર સુશોભનો, તોરણો, મંડપો આદિ બાંધેલ. એકાદ મહિના પછી કોઈ ભક્ત બહારથી વન્દન માટે આવેલ. જરીનાં ફૂલોનો મંડપ ચોમાસામાં પણ એમને એમ - વરસાદની ઝડી માંય - રહે છે. પેલા ભક્તે પૂછ્યું મને : અહીં કોઈ ઉત્સવ છે હમણાં? હું જવાબ આપું એ પહેલાં ત્યાંના ભાઈએ એ ભક્તને કહ્યું : અમારે તો પૂરું ચોમાસું એટલે ઉત્સવ. કેટલા વર્ષોની વિનંતી પછી ગુરુદેવ અહીં પધાર્યા છે...

એ ભાઈએ કહેલી વાત જાણી પેલા શહેરી ભક્તને તો બહુ જ નવાઈ લાગી. એ ભાઈએ કહ્યું : શિયાળામાં ગુરુદેવના ચાતુર્માસની જય બોલાઈ. લોકોમાં એટલો બધો ઉમંગ. દરેકને એમ કે મારે ચાતુર્માસમાં ઘર ખોલીને રહેવું છે અને લાભ લેવો છે... વર્ષોથી બંધ પડેલાં ઘરો ફટોફટ રીપેર થવા લાગ્યા. કડિયા, મજૂરો, પ્લમ્બરો બહારથી બોલાવવા પડ્યા... ઘરે લગ્ન હોય અને ઘરને સજાવાય એ રીતે બધાએ રંગ-રોગાન કરાવી ઘરને અપટુડેટ બનાવી દીધા... પેલા ભક્ત તો સાંભળતા જ રહ્યા.. ''મુંબઈ-ચેન્નાઈ-બેંગલોર આદિ જગ્યાએ રહેનારા ભક્તો ધંધાની ચિન્તા મૂકી અહીં ભક્તિમાં લાગી ગયા છે...''

એ ભક્તે પછી જોયું કે ત્રણે સમય મહારાજ સાહેબને વહોરાવવા માટે પડાપડી. વ્યાખ્યાન અને પ્રતિક્રમણમાં સંપૂર્ણ હાજરી. એ ભક્તે કહેલું : પૂજ્યપાદ ગુરુદેવશ્રી નાનાં ગામોમાં ચાતુર્માસ કરે છે. પરંતુ પૂજ્યશ્રીજીને ખૂબ લાભ મળે છે. લોકો ખરેખર પામી જાય છે.

એ ભાવક ક્ષેત્રનું ચાતુર્માસ જય બોલાય ત્યારથી શરૂ થાય : ઉત્સાહ અને ઉમળકા રૂપે... ગુરુદેવ પધારશે, પધારશે.... અને પૂરું તો ક્યારેય થાય જ નહિ. વર્ષો સુધી લોકો એ ચાતુર્માસની યાદોને વાગોળ્યા કરે.

# ગુરુદેવ...!



## 'તમે છો અમારા હૃદયે...'








# કૃપા ગુરુદેવની ને મા સરસ્વતીની

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની દીક્ષાને દોઢેક વરસ થયેલું ત્યારે સંસારી સંબંધે મોટાભાઈ શ્રી કાન્તિભાઈ ગુરુદેવ પાસે ગયેલા. એક-બે દિવસ તો એમણે બધું જોયું. પંડિતજી પાસે દોઢ કલાક બાળમુનિ ભણતા. બાકીનો સમય 'નાના મહારાજ' ને ઘેરી વળેલા બાળકો જોડે વીતે.

એક દિવસ તેમણે પંડિતજીને કહ્યું : ભાઈ મહારાજ તમારી પાસે દોઢ કલાક ભણે છે. પછી ચોપડીય ખોલતા નથી. તમે બીજા દિવસે પાઠ તો પૂછો છો ને ?

પંડિતજી કહે : એમના પર ગુરુદેવની અને મા સરસ્વતીની કૃપા છે. હું ભણાવું ત્યારે ચોપડીમાં એ જે વાંચે છે, તે તેમના મગજમાં જાણે કે છપાઈ જાય છે. બીજા દિવસે આગળના દિવસનો પાઠ પૂછું કે દશ દિવસ પહેલાંનો પૂછું, તેઓ ધડધડાટ



બોલવા લાગે છે. આ અવધારણા શક્તિ અને તેઓશ્રીની તર્કનિપુણતા ઘણા મહાનુભાવોએ જોઈ છે. મહાપુરુષોએ પણ... વિ.સં.૨૦૧૪માં અમદાવાદમાં મુનિસમ્મેલન વખતે પૂજ્યપાદ બાપજી મહારાજ સાહેબને વન્દન કરવા પૂજ્યશ્રી રોજ વિદ્યાશાળાએ પધારતા. તે વખતે પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી લક્ષ્મણસૂરિજી મહારાજ વિદ્યાશાળામાં બિરાજમાન.

એક વખત પૂ.આ.ભ. લક્ષ્મણસૂરિ મહારાજને વન્દના કરવા ગયેલ પૂજ્યશ્રીને આચાર્ય મહારાજે પૂછ્યું : તિથિચર્ચામાં તમે કેટલાં ઊંડાં ઊતર્યા છો ? પૂજ્યશ્રી કહે : ચાલો, આપણે જોઈએ. તમે બનો પૂ.આ.ભ. રામચન્દ્ર સૂરિ મહારાજ સાહેબ અને હું બનું પૂ. સાગરજી મહારાજ. દલીલોને એ રીતે આપણે જોઇએ.

વાત સ્વીકારાઈ. સામ-સામે દલીલો ચાલી, પૂ. લક્ષ્મણસૂરિ મહારાજે કહ્યું : તમે ગજબની દલીલો કરો છો.

પૂજ્યશ્રી કહે : હવે એમ કરીએ. આપ પૂ. સાગરજી મહારાજ થાવ અને હું પૂ. રામચન્દ્ર સૂરિ મહારાજ બનું. પાછી દલીલબાજી ચાલી. ને એમાં પણ ધારદાર, અકાટ્ય દલીલો. પૂ. લક્ષ્મણસૂરિ મહારાજ આશ્ચર્યચકિત બન્યા. પ્રસન્ન થયા.

# અતીતનું અનુસન્ધાન

જસવંત નામનો દીકરો. જસવંત સાત વર્ષનો હતો ત્યારની વાત. ગામમાં પૂ. સાધ્વીજી મહારાજનું ચાતર્માસ. રોજ સવારે ભક્તામર તેઓ સંભળાવે. જસવંત પોતાનાં માતુશ્રી જોડે રોજ સાથે જાય. માએ નિયમ લીધો કે ભક્તામર સ્તોત્ર સાંભળીને પછી જ પચ્ચક્ખાણ પારવું.

એક રાત્રે વરસાદ તૂટી પડ્યો. બીજી સવાર, બપોર, સાંજ... વરસાદની હેલી. બંધ થવાનું નામ જ નહિ. માએ તે દિવસે ઉપવાસ કર્યો. કારણ કે ઉપાશ્રય અને ઘર વચ્ચે વહોળા જેવું આવતું, જેમાં ધોધબંધ પાણી વહેતું. બીજે દિવસે પણ એ જ હાલત. બીજો ઉપવાસ. ત્રીજા દિવસે જસવંતે પૂછ્યું : મા ! તું કેમ ખાતી નથી ? માએ કારણ કહ્યું. જસવંત કહે : મા ! ભક્તામર તો મને મોઢે આવડે છે, લે, હું સંભળાવું. તું સાંભળ. 'અરે, પણ તને ક્યાંથી આવડે ?' 'કેમ, હું રોજ સાંભળું છું ને ! યાદ રહી ગયું.' મા કહે : બોલ ! જસવંત તો ફટાફટ ભક્તામર બોલવા લાગ્યો. માને એમ આવડે નહિ, પણ લાગ્યું કે દીકરો બોલે છે તો બરોબર.

માએ પચ્ચક્ખાણ પાર્યું. વરસાદ રહી જતાં સાધ્વીજી મહારાજ પાસે મા-દીકરો ગયા. મા કહે : 'મહારાજ સાહેબ, આનું ભક્તામર જરા સાંભળો તો !' 'અરે, આને ભક્તામર ક્યાંથી આવડે ? હજુ તો એ વંદિત્તુ સૂત્ર ભણે છે.' અને જસવંત પૂરી ઉચ્ચારશુદ્ધિ સાથે પૂરું ભક્તામર સ્તોત્ર બોલ્યો, સાધ્વીજી મહારાજે એને પ્રમાણિત કર્યું. અને કહ્યું : બહેન ! આટલી અદ્ભુત શક્તિ છે બાળકની, તો એને પ્રભુશાસનને સમર્પિત કરો તો...!

એ બાળક તે મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ.





સદ્‌ગુરુની આંખોમાં ઝલકે છે પ્રભુ. સીધું પરમાત્માનું દર્શન તો મોહક છે જ, સદ્‌ગુરુની આંખોમાં તરલિત, પ્રતિબિમ્બિત થયેલ પ્રભુને નીહાળવા એ તો જીવનનો અણમોલ લહાવો છે.

સદ્‌ગુરુનાં પ્યારાં પ્યારાં નયનો... રહીમ કહે છે :
પ્રીતમ છવિ નૈનન બસી, પર છવિ કહાં સમાય;
ભરી સરાય રહીમ લખી, પથિક આય ફિર જાય...



પડછંદ દેહ, ગોરો વાન, સાથે ચાલનારને અનાયાસે જ અદબ જાળવવા પ્રેરે તેવી પ્રતાપી ચાલ; ઉગ્રતા અને સૌમ્યતાના મિશ્રણ દ્વારા નીપજેલી દૃઢતાથી અંકિત થયેલો પ્રસન્નતા મઢ્યો ગોળ ચહેરો; નિર્મળ બુદ્ધિ, દૃઢ સંકલ્પ બળ, અન્યના વિચાર પ્રત્યે પૂરી લાગણી અને આ બધાંય તત્ત્વોને સંતુલનમાં રાખે તેવી નિર્મમ તટસ્થતા - આ તમામ વ્યંજનોના સંયોજન વડે આપોઆપ રચાતા પ્રતાપથી છલકાતી બે વિશાળ આંખો - એટલે જ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ૐકાર સૂરીશ્વરજી મહારાજા.

અહીં પ્રસ્તુત છે પૂજ્યપાદશ્રીના જીવનના કેટલાક પ્રસંગોનું આકલન...

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222